CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૩  શુક્રવાર તા.૦૩-૦૭-૨૦૨૬  અંક : ૨૦૪ વર્ષ : ૨૩  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# ગુજરાતમાં સતત બીજા દિવસે અનરાધાર વરસાદ

## કડીમાં બે કલાકમાં નવ ઈંચ,વલસાડમાં સાત ઈંચ,નવસારીના ચીખલીમાં આઠ ઈંચ

## વરસાદથી જળબંબાકારની સ્થિતિ : રાજ્યના ૩૯ તાલુકાઓને વરસાદે ધમરોળ્યા

અમદાવાદ

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા લેટેસ્ટ આંકડા અનુસાર ગઈકાલે સવારના ૬ વાગ્યાથી લઈને આજે સવારના ૬ વાગ્યા સુધીમાં જૂનાગઢના માંગરોળમાં ૧૨.૬૪ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતા આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે ગીર સોમનાથના સુત્રાપાડામાં પણ ૧૨.૩૬ ઈંચ વરસાદથી પાણી પાણીની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે બીજી તરફ મહેસાણાના કડીમાં અડધી રાતે માત્ર બે કલાકના અરસામાં ૮ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. જ્યારે જૂનાગઢના માણાવદરમાં પણ ૯ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

આજના સવારના ૬ વાગ્યાથી લેટેસ્ટ આંકડા સામે આવવા લાગ્યા છે. આજે મેઘરાજાએ વલસાડનો વારો પાડ્યો હોય તેવું દેખાઈ રહ્યું છે. મહેસાણા જિલ્લાના કડી પંથકમાં વીજળીના કડાકા સાથે આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. કડીમાં રાત્રે ૨થી ૪ વાગ્યાના માત્ર બે જ કલાકના ટૂંકા ગાળામાં આશરે ૮ ઈંચ જેટલો અનરાધાર વરસાદ ખાબકતાં સમગ્ર કડી શહેર અને આસપાસનો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો છે. ગઈકાલે જૂનાગઢ અને ગીર સોમનાથ બાદ આજે મેઘરાજાએ જાણે વલસાડ જિલ્લાનો વારો પાડ્યો હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે.



હવામાન વિભાગના લેટેસ્ટ આંકડા પ્રમાણે સવારના ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીના બે કલાકના ટૂંકા ગાળામાં જ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા વલસાડ તાલુકામાં ૬.૧૦ ઈંચ વરસાદ નોંધયો હતો. જ્યારે તેના બાદ ડાંગના ધ ડાંગ તાલુકામાં ૩.૧૧ અને નવસારીના ગણદેવીમાં ૨.૧૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. સવારના બે કલાકમાં અત્યાર સુધીમાં ૨૯ તાલુકામાં મેઘમહેર થઇ ચૂકી છે.જામનગર, મોરબી, રાજકોટ, અમરેલી, બોટાદ, ભાવનગર સિવાય તમામ ગુજરાતમાં આજે હળવા વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગઈકાલે અનેક જિલ્લાને ઘમરોળ્યા બાદ મેઘરાજાની સવારે આજે ધીમી પડવાની શક્યતા છે.

જોકે આ આગાહી સવારના ૭ના ૧૦ વાગ્યા સુધીના ત્રણ કલાક માટે જ છે.ભારતીય હવામાન વિભાગ અનુસાર, ૨ જુલાઈ ૨૦૨૬ના રોજ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ગુજરાતના વધુ વિસ્તારો, સમગ્ર દિલ્હી, ઉત્તર પ્રદેશના બાકીના વિસ્તારો, મધ્યપ્રદેશના મોટાભાગના ભાગો તેમજ હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના કેટલાક વિસ્તારો સુધી આગળ વધ્યું છે. આગામી ૨થી ૩ દિવસમાં ચોમાસું ગુજરાત, મધ્યપ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ છે. ગુજરાતમાં જુલાઈ આવતા જ વરસાદની જમાવટ શરૂ થઈ ગઈ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં વરસાદનું આગમન થઈ ચૂક્યું છે.

છેલ્લા ૧૫ દિવસથી ખેડૂતો સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે ત્યારે રાજ્ય આસપાસ એક સાથે ૫ જેટલી સિસ્ટમ (ટ્રફ, શેયર ઝોન, લો પ્રેશર, સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સક્રિય થતાં આગામી દિવસોમાં ધમધોકાર વરસાદ પડે તેવી આગાહી છે.



વેનેઝુએલાના કારાબાલેડામાં ભૂકંપના પીડિતોની શોધ દરમિયાન સ્પેનિશ પ્રતિનિધિમંડળનો એક બચાવકર્તા શોધ અને બચાવ કૂતરાને પીણું પીવડાવી રહ્યો છે.

# બસને ધક્કો મારી રહેલા યાત્રિકોને કન્ટેનરે કચડ્યા : ચાર યાત્રિકોના મોત

## મોડી રાતની ઘટનામાં રોડ સાઈડમાં ઊભેલી બસની પાછળ કન્ટેનર ઘૂસી ગયું

એટાહ

ફર્રુખાબાદથી એટાહ આવી રહેલી ઈટાહ ડેપોની રોડવેઝ બસનો ભયંકર અકસ્માત થયો. મળતી માહિતી મુજબ, થાણા બાગવાલા વિસ્તારના કિલારામૌ ગામ નજીક રાત્રે લગભગ ૧૧ વાગ્યે બસ અચાનક ખરાબ થઈ ગઈ. ડ્રાઈવરે બસને રસ્તાની બાજુમાં રોકી દીધી. લગભગ દસ મુસાફરો બસને ફરી ચાલુ કરવા માટે ધક્કો મારી રહ્યા હતા, જ્યારે કેટલાક મુસાફરો આગળ ઉભા હતા. આ સમય દરમિયાન એક ઝડપથી આવતા કન્ટેનરે પાછળથી બસને ટક્કર મારી. ટક્કર એટલી ગંભીર હતી કે બસને ધક્કો મારી રહેલા મુસાફરો બસ અને કન્ટેનર વચ્ચે ખરાબ રીતે કચડાઈ ગયા હતા, જ્યારે બસની સામે ઉભેલા લોકો પણ ફસાઈ ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે ચીસો અને બૂમો પડી ગઈ હતી. માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને મેડિકલ કોલેજ મોકલવામાં આવ્યા. તાત્કાલિક ડોક્ટરોએ નવાબગંજ પોલીસ સ્ટેશનના દૌલતપુર રહેવાસી રામ સિંહના પુત્ર રાજેશ (૩૪), પીલખાનાના રહેવાસી રાજપાલના પુત્ર સુખરામ, નવાબગંજ પોલીસ સ્ટેશનના ઉમ્મરપુર રહેવાસી જોગરાજ સિંહના પુત્ર શૈલેષ કુમાર (બધા ફરુખાબાદ જિલ્લાના) અને બુલંદશહર જિલ્લાના સ્યાના પોલીસ સ્ટેશનના ભારીના રહેવાસી રાજકુમારના પુત્ર સત્યેન્દ્રને મૃત જાહેર કર્યા.

# વેનેઝુએલામાં આવેલા ભૂકંપમાં લા ગુએરા રાજ્યના તમામ સરકારી અધિકારીઓના મોત

## વેનેઝુએલામાં ભૂકંપથી અત્યાર સુધીમાં બે હજારથી વધુ લોકોના મોત

લા ગુએરા

વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપે ભારે તબાહી મચાવી છે. આ કુદરતી આપત્તિમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે અને અબજો રૂપિયાનું નુકસાન થયું છે. આ આપત્તિ વચ્ચે વેનેઝુએલાની સરકારે બચાવ કામગીરી ઝડપી બનાવી છે અને આંતરરાષ્ટ્રીય સ્તરેથી મદદ પણ મળી રહી છે. આ ભયાનક આપત્તિના કારણે લા ગુએરા રાજ્યમાં ભારે તબાહી સર્જાઈ છે અને ત્યાંના સ્થાનિક સરકારી તંત્રને મોટો ફટકો પડ્યો છે.

વેનેઝુએલાના અંતરિમ પ્રમુખ રોડ્રિગેઝે જણાવ્યું છે કે, તાજેતરમાં ૨૪ જૂનના રોજ આવેલા ભયાનક ભૂકંપમાં લા ગુએરા રાજયના લગભગ તમામ સરકારી અધિકારીઓના મોત થયા છે. કારાકાસની ઉત્તરે આવેલું આ તટીય રાજ્ય ભૂકંપથી સૌથી વધુ પ્રભાવિત થયું છે. પ્રમુખે ઉમેર્યું કે, આપત્તિના તુરંત બાદ દેશની આપાતકાલીન વ્યવસ્થાને ઍલર્ટ કરી સક્રિય કરવામાં આવી હતી અને ૪૦૦૦ જેટલા અધિકારીઓને રાહત તેમજ બચાવ કાર્યમાં તહેનાત કરવામાં આવ્યા છે.

વેનેઝુએલાની સરકારે ભૂકંપ બાદ તુરંત જ આંતરરાષ્ટ્રીય મદદની માંગ કરી હતી. અંતરિમ પ્રમુખ રોડ્રિગેઝે રાહત કાર્યમાં સહયોગ આપવા બદલ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, અલ સલ્વાડોરના પ્રમુખ બુકેલે અને અન્ય વિદેશી સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો છે. આ સાથે જ તેમણે જાહેરાત કરી છે કે, દેશના પુનર્નિર્માણ માટે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (ૈંસ્હ્લ)ના સહયોગથી ૨૦૦ મિલિયન ડોલરનું ફંડ બનાવવામાં આવી રહ્યું છે. જોકે, તેમણે આરોપ પણ લગાવ્યો કે કેટલીક 'મીડિયા લેબોરેટરીઝ' દ્વારા રાહત કામગીરીમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરાયો હતો, પણ આ અંગે વધુ વિગત આપી નથી.

લા ગુએરા રાજ્યમાં ભૂકંપના કારણે ૧૮૯ ઈમારત સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ છે. કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટેનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ રાખવામાં આવ્યું છે અને તેને સમાપ્ત કરવામાં આવ્યું નથી. તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કાટમાળ હટાવવાની અને લોકોને શોધવાની કામગીરી કરવામાં આવી રહી છે.

વેનેઝુએલામાં ૨૪ જૂનના રોજ ૭.૨ અને ૭.૫ની તીવ્રતાના બે જોરદાર ભૂકંપ આવ્યા હતા. આ આપત્તિમાં મરણ આંક વધીને ૨૦૦૦ને પાર થઈ ગયો છે.

# સુરક્ષાના કારણોસર ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ પિતાની અંતિમવિધિમાં ભાગ નહીં લઈ શકે

## કાલથી શરૂ થશે ઈરાન પર સતત ૩૬ વર્ષ સુધી શાસન કરનારા અલી ખામેનેઈની અંતિમવિધિના કાર્યક્રમો

નવી દિલ્હી

ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ સુરક્ષાના કારણોસર તેમના દિવંગત પિતા અને ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના જનાઝાના કાર્યક્રમોમાં ભાગ લેશે નહીં. ભારતમાં રહેતા તેમના પ્રતિનિધિ આયતોલ્લાહ હકીમ ઈલાહીના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલ તરફથી મળી રહેલી ધમકીઓ અને સર્વેલન્સના જોખમને કારણે મોજતબાનું જાહેરમાં આવવું અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.

ઈરાન પર સતત ૩૬ વર્ષ સુધી શાસન કરનારા અલી ખામેનેઈ ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. જેના કારણે મિડલ ઈસ્ટમાં મોટું યુદ્ધ ફાટી નીકળ્યું હતું.

સામાન્ય રીતે ઇસ્લામિક કાયદા મુજબ મૃતદેહને ૨૪ કલાકમાં દફનાવવાનો નિયમ છે, પરંતુ ઈરાનમાં યુદ્ધની સ્થિતિ હોવાના કારણે આ એક અપવાદ રાખવામાં આવ્યો હતો. હવે આગામી ૪ જુલાઈથી તેહરાનમાં તેમની અંતિમવિધિના કાર્યક્રમો શરૂ થશે અને ૯ જુલાઈએ તેમના વતન મશહાદ શહેરમાં દફનવિધિ સાથે પૂર્ણ થશે. આ ૬ દિવસીય કાર્યક્રમ દરમિયાન કરોડો લોકો રસ્તા પર ઉતરે તેવી શક્યતા છે.

ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ રાજયકક્ષાની અંતિમવિધિમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું હતું. જોકે, પીએમ મોદી પોતે આ પ્રતિનિધિમંડળનો હિસ્સો બને તેવી શક્યતા ઓછી છે. ભારત તરફથી બિહારના ગવર્નર જનરલ સૈયદ હસનૈન અને વિદેશ રાજ્ય મંત્રી પવિત્ર માર્ગેરિટા ઈરાન જશે. આ ઉપરાંત કોંગ્રેસ પક્ષ તરફથી પૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદ પણ આ દફનવિધિના કાર્યક્રમોમાં ભાગ લેશે.

# ઈરાનના વિદેશ મંત્રી અને સંસદના સ્પીકરની હત્યાનો ઈઝરાયેલનો હતો પ્લાન

## અમેરિકાએ શાંતિ સમજૂતીની બેઠક અગાઉ ઈરાનને ચેતવ્યું હોવાનો અમેરિકન અખબારનો રિપોર્ટ

વોશિંગ્ટન

અમેરિકાના અખબાર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલમાં એક સનસનાટીપૂર્ણ ખુલાસો થયો છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં શરૂ થયેલી શાંતિ મંત્રણા ખોરવાઈ ન જાય તે માટે અમેરિકાએ મિડલ ઈસ્ટના અન્ય દેશોનો સંપર્ક કરીને ઈરાનને એક મોટી ચેતવણી મોકલી હતી. અમેરિકાને ડર હતો કે ઈઝરાયેલ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી અને સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફની હત્યા કરવાનો પ્લાન બનાવી રહ્યું છે. જેનાથી ચાલી રહેલી વાટાઘાટો અને યુદ્ધવિરામ સંપૂર્ણપણે નાશ પામી શકે છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ ઈઝરાયેલી હુમલામાં ઈરાનના તત્કાલીન સર્વોચ્ચ નેતા આયતોલ્લાહ અલી ખામેનેઈના મોત બાદ આ યુદ્ધ શરૂ થયું હતું. યુદ્ધના શરૂઆતના તબક્કામાં અમેરિકા અને ઈઝરાયેલ સાથે હતા, પરંતુ એપ્રિલમાં જ્યારે અમેરિકાએ શાંતિ કરાર માટે દબાણ શરૂ કર્યું ત્યારે ઈઝરાયેલે તેનો વિરોધ કર્યો હતો. ઈઝરાયેલ ઈરાનમાં સત્તા પરિવર્તન અને તેની સૈન્ય શક્તિને સંપૂર્ણપણે નષ્ટ કરવા માંગતું હતું. જોકે, અમેરિકી અધિકારીઓના મતે, જો અરાગચી અને ગાલિબાફ જેવા મહત્વના નેતાઓ પર હુમલો થયો હોત, તો મંત્રણા બંધ થઈ જાત અને યુદ્ધ વધુ ભયાનક સ્વરૂપ લઈ શકત. આ બંને નેતાઓ માર્ચ મહિનાથી જ ઈઝરાયેલની હિટલિસ્ટમાં હતા, પરંતુ અમેરિકાના દબાણ બાદ તેમના નામ હટાવવામાં આવ્યા હતા.

અહેવાલમાં જણાવ્યા અનુસાર, સ્પીકર ગાલિબાફ અત્યાર સુધીમાં બે વાર કાટમાળ નીચેથી જીવતા બહાર આવ્યા છે.

# વિશ્વ વિખ્યાત 'એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ'ની ઊંચી ટોચ પર ચઢીને લગ્નનો પ્રસ્તાવ મૂકનાર કપલ જેલહવાલે

## યુગલ વિરુદ્ધ ગેરકાયદેસર પ્રવેશ અને જોખમી કૃત્ય સહિત અનેક ગુના નોંધાયા



ન્યૂયોર્ક

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં વિશ્વ વિખ્યાત 'એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ'ની ૧૪૫૪ ફૂટ (૪૪૩ મીટર) ઊંચી ટોચ (સ્પાયર) પર ચઢીને લગ્નનો પ્રસ્તાવ મૂકનાર રશિયન મૂળના બે પ્રખ્યાત 'રૂફટોપર્સ'ની ન્યૂયોર્ક પોલીસે ધરપકડ કરી લીધી છે. ગત બુધવારે બપોરે કાળા કપડાં પહેરીને આ કપલે ઈમારતની ટોચે પહોંચીને શાંતિનો મોટો સંદેશ આપતું બેનર લહેરાવ્યું હતું અને એકબીજાને કિસ કરી હતી. જોકે, આ ખતરનાક સ્ટન્ટના કારણે સગાઈની ખુશી મનાવવાને બદલે આ કપલને પોતાની પ્રથમ રાત જેલની અલગ-અલગ કોટડીમાં વિતાવવી પડી હતી.

ધરપકડ કરાયેલા રશિયન નાગરિકોમાં ૩૩ વર્ષીય એન્જેલા નિકોલાઉ અને ૩૨ વર્ષીય ઈવાન કુઝનેત્સોવ (જે ઈવાન બીરકુસ તરીકે પણ ઓળખાય છે) નો સમાવેશ થાય છે, જેઓ હાલ ન્યૂ જર્સીમાં રહે છે. ન્યૂયોર્ક સિટીની ક્રિમિનલ કોર્ટમાં ગુરુવારે તેમને રજૂ કરવામાં આવ્યા હતા. તેમની સામે ગેરકાયદેસર પ્રવેશ (બર્ગલરી), જાહેર જનતાનો જીવ જોખમમાં મૂકવો (રેકલેસ એન્ડેન્જરમેન્ટ), તોડફોડ (ક્રિમિનલ મિસ્ચીફ), અને ચોરી અથવા તોડફોડના સાધનો રાખવા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જમ્મુ-કાશ્મીરમાં બીજા દિવસે પણ વાદળ ફાટતા અનેક સ્થળોએ પૂરની વિકટ સ્થિતિ

## હિમાચલ પ્રદેશમાં વરસાદ,પૂર અને ભૂસ્ખલન થતા ૪૬ માર્ગો બંધ કરાયા

નવી દિલ્હી

દક્ષિણ પશ્ચિમ ચોમાસાએ દેશના ઘણા ભાગોમાં લાંબા સમયથી ચાલી રહેલી ગરમીથી રાહત આપી છે, પરંતુ તેના પગલે તેણે વિનાશનો દોર પણ છોડી દીધો છે.

વરસાદથી પંજાબ, હરિયાણા અને ઉત્તરપશ્ચિમ ભારતના મેદાનોમાં તીવ્ર ગરમી અને ભેજથી નોંધપાત્ર રાહત મળી છે. જોકે, જમ્મુ અને કાશ્મીરમાં સતત બીજા દિવસે વાદળ ફાટવાથી અનેક વિસ્તારોમાં પૂર આવ્યું છે અને એક રસ્તો ધોવાઈ ગયો છે. ઉત્તરાખંડમાં, પ્રતિકૂળ હવામાનને કારણે બદ્રીનાથ હાઈવે સાડા ૧૧ કલાક માટે બંધ રહ્યો હતો, જેના કારણે ૮,૦૦૦ થી વધુ યાત્રાળુઓ માર્ગમાં ફસાયા હતા. હિમાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદે વિનાશ વેર્યો છે, વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે રાજ્યમાં ૪૬ રસ્તાઓ બંધ થઈ ગયા છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, હરિયાણા અને પંજાબમાં છૂટાછવાયા વરસાદથી મહત્તમ તાપમાન સામાન્યથી ઘણું નીચે આવી ગયું છે, જેનાથી ગરમીથી નોંધપાત્ર રાહત મળી છે. ચોમાસાના આગમન બાદ પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો છે, જેનાથી ગરમી અને ધૂળના તોફાનોથી રાહત મળી છે.

CMYK CMYK

# સુરત નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે વિસ્થાપિતો માટે રાજ્ય સરકાર પાસે માગ્યો ખૂલાસો

## સુરત કોર્પોરેશન દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટને કોર્ટે માત્ર 'આંખમાં ધૂળ નાખવા સમાન' ગણાવીને ફગાવી દીધો

સુરત,

સુરતના નાસિર નગરના ડિમોલિશન મામલે હવે સુરત મનપા સહિત રાજ્ય સરકાર પણ ક્યાંક ને ક્યાંક અટવાઈ ગઈ હોય તેમ નજરે પડી રહ્યું છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિખિલ કરિયલે સુનાવણી દરમિયાન સરકારને ફટકાર લગાવતા કહ્યું હતું કે, 'અમારી પાસે રહેલી સત્તાને પડકારશો નહીં, અમે કોઈ પણ નોટિસ વગર નિર્ણય લઈ શકીએ છીએ.' બીજી તરફ, સુરત કોર્પોરેશન દ્વારા રજૂ કરવામાં આવેલા ઈક્વાયરી રિપોર્ટને કોર્ટે માત્ર 'આંખમાં ધૂળ નાખવા સમાન' ગણાવીને ફગાવી દીધો હતો.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કોર્પોરેશનના રિપોર્ટ સામે સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે સરકારને પૂછ્યું કે, 'શું તમે નાગરિકો માટે પણ જવાબદાર નથી? કોર્પોરેશને જે રિપોર્ટ રજૂ કર્યો છે તેને ઈક્વાયરી રિપોર્ટ જ ના કહેવાય. નાના કર્મચારીઓને સસ્પેન્ડ કરીને તમે સંતોષ માની લો તેવું કોર્ટ માનવા તૈયાર નથી.'

સરકારે એવી દલીલ કરી હતી કે આ ઘટનામાં સરકાર સીધી રીતે કોઈ જવાબદાર નથી, ત્યારે કોર્ટે વળતો પ્રહાર કરતા કહ્યું કે, 'આટલા મોટા પાયે ડિમોલિશન થયું અને તેની તમને ખબર ન હોય તેવું તો બને જ નહીં, પણ શું તમારી કોઈ જવાબદારી જ નથી? કેટલાક ઓફિસરો ભેગા થઈને આવું નક્કી કરે તેવી તમારી દલીલ ગળે ઉતરે તેવી નથી. હાઈકોર્ટમાં પિટિશન ના થાય ત્યાં સુધી કોર્પોરેશનના અધિકારીઓને ખબર જ નથી પડતી કે આ કોણે કર્યું?'

હાઈકોર્ટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની તપાસના નાટક પર સવાલો ઉઠાવતા કહ્યું કે, 'આટલા મોટા ડિમોલિશનની ઘટનામાં મ્યુનિસિપલ કમિશનર અજાણ હોય તેવું શક્ય જ નથી. મ્યુનિસિપલ કમિશનરને બચાવવા માટે જ આ તપાસ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સોંપવામાં આવી છે. સરકાર ઉચ્ચ અધિકારીઓને બચાવવા નીચલી કેડરના ઓફિસરને તપાસ સોંપે એવું આ પહેલીવાર નથી, આવું કાયમ બને છે.'

હાઈકોર્ટે સરકાર પાસે બે મુખ્ય મુદ્દા પર જવાબ માંગ્યો છે. કોર્ટે રોષે ભરાતા કહ્યું કે, '૧૫૦ લોકોએ પોલીસમાં ફરિયાદ કરી હોવા છતાં તેના પર તરત કેમ કાર્યવાહી ન થઈ? ઘટનાસ્થળે સિનિયર ઓફિસરો અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ હાજર હતા. એક મહિના અને બે દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી પોલીસે એફઆઈઆર (FIR) કેમ નથી નોંધી? તમે માત્ર ઈક્વાયરી-ઈક્વાયરી રમો છો, કોઈ નક્કર પગલાં કેમ નથી લીધા?" કોર્ટે આકરા શબ્દોમાં ઉમેર્યું કે, "તમારામાં કોઈ કોમનસેન્સ જ નથી. ડિમાર્કેશન માટે ગયેલી કોર્પોરેશનને આટલા મોટા પોલીસ બંદોબસ્તની શું જરૂર પડી? શું તમારા પોલીસ અધિકારીઓને ડિમાર્કેશનનો અર્થ પણ નથી ખબર?'

સુનાવણી દરમિયાન સરકારે એવી રજૂઆત કરી હતી કે નાસીરનગરમાં બાંગ્લાદેશીઓ ઘૂસી ગયા હોવાની માહિતી મળી હતી.

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની અછત : ૬ હજાર જેટલી જગ્યાઓ ખાલી

## ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે સરકારને તાત્કાલિક યોગ્ય પગલાં લેવા અને ખાલી જગ્યાઓ ભરવા માટે રજૂઆત કરી

અમદાવાદ,

નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને એક મહિનો વીતી ગયો હોવા છતાં, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં હજુ પણ શિક્ષકોની મોટી અછત વર્તાઈ રહી છે. ખાસ કરીને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓનું ભણતર જોખમમાં મુકાયું છે. રાજ્યભરમાં આશરે ૬ હજાર જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. ઘણીવાર શિક્ષકોને દૂરના વિસ્તારોમાં બદલીના ઓર્ડર આપવામાં આવે છે, જેના કારણે તેઓ હાજર થવાનું ટાળે છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય શાળા સંચાલક મંડળે સરકારને તાત્કાલિક યોગ્ય પગલાં લેવા અને ખાલી જગ્યાઓ ભરવા માટે રજૂઆત કરી છે, જેથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં ન થાય.

શૈક્ષણિક વર્ષ શરૂ થયે એક મહિનો વીતી ગયો હોવા છતાં, રાજ્યની ઘણી ગ્રાન્ટેડ શાળાઓમાં પૂરતા પ્રમાણમાં શિક્ષકો નથી. ખાસ કરીને ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓની પાયાની તૈયારી પર માઠી અસર પડી રહી છે. સરકાર દ્વારા શિક્ષકોને દૂરના કે અંતરિયાળ વિસ્તારોમાં નિમણૂંકના ઓર્ડર આપવામાં આવે છે, જેના કારણે ઘણા શિક્ષકો ત્યાં હાજર થવાનું ટાળે છે. પરિણામે, જગ્યાઓ ખાલી રહે છે. સમગ્ર રાજ્યમાં અંદાજે ૬,૦૦૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે, જે શિક્ષણ વ્યવસ્થાની ગંભીર સ્થિતિ દર્શાવે છે.

# ધો-૧૦ની મુખ્ય પરીક્ષા બાદ પૂરક પરીક્ષામાં પણ નાપાસ થતા વિદ્યાર્થીએ કર્યો આપઘાત

## અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના હાથિયા ગામનો બનાવ

અરવલ્લી,

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના હાથિયા ગામે વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીએ પરીક્ષામાં ફરી નાપાસ થવાથી કરી આત્મહત્યા કરી લીધી છે. ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં નાપાસ થવાથી આ વિદ્યાર્થીએ ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. હાલ તેનો મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી સમગ્ર મામલે પોલીસે તપાસ શરૂ કરી છે, ત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વલીઓ માટે આ ચેતવણી રૂપ કિસ્સો સામે આવતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

મળતી માહિતી મુજબ, અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના હાથિયા ગામે વિદ્યાર્થી મિત રામણલાલ ડામોરે ગત માર્ચ મહિનામાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપી હતી. જેમાં મિત નાપાસ થતા તેણે તાજેતરમાં ધોરણ ૧૦ની પુરક પરીક્ષા આપી હતી. જોકે કમનસિબે આ પુરક પરીક્ષામાં પણ મિત નાસાપ થવાને કારણે તેણે આ અંતિમ પગલું ભરી મોતને વહાલું કર્યું છે. જેના કારણે તેના મિત્ર વર્તૂળ તથા પરિવારમાં મોતનો માતમ છવાયો છે.

વારંવાર પરીક્ષામાં નાપાસ થવાથી હતાશ થઈ મિતે આજે ૨જી જુલાઈએ સવારે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આજે સવારે પરિવારના બધા સભ્યો ઘરની બહાર હતા, ત્યારે વિદ્યાર્થીએ આ આત્મધાતી પગલું ભર્યું છે. પરિજનોએ જ્યારે ઘરનો દરવાજો ખોલી જોયું ત્યારે મિત ગળે ફાંસો ખાધેલી લટકેલી હાલતમાં મળી આવ્યો હતો.

# અમદાવાદ એરપોર્ટ પાસે પોલીસ હોવાનું જણાવી વેપારીના ૬૦૦ ગ્રામ સોનાની લૂંટ

## ઉત્તર પ્રદેશના રામપુરના એક વેપારીએ વધુ નફાની આશાએ દુબઈથી ૬૦૦ ગ્રામ સોનું મંગાવ્યું હતું

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ બહાર સોનાની લૂંટની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસ હોવાનું જણાવીને કેટલાક શખ્સોએ વેપારીના બે કર્મચારીઓને રોકી તેમની પાસેથી અંદાજે ૬૦૦ ગ્રામ સોનું લૂંટી લીધું હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો હાથ ધર્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ઉત્તર પ્રદેશના રામપુરના એક વેપારીએ વધુ નફાની આશાએ દુબઈથી લગભગ ૬૦૦ ગ્રામ



સોનું મંગાવ્યું હતું. સોનાનો જથ્થો લેવા માટે તેના બે કર્મચારીઓ અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. સોનું લઈને બંને કર્મચારીઓ એરપોર્ટ બહાર નીકળ્યા બાદ એક મહિલા સહિત ત્રણ શખ્સોએ તેમને રોક્યા હતા. આરોપીઓએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી અને તપાસના બહાને બંનેને પોતાની કારમાં બેસાડી દીધા હોવાનું જાણવા મળ્યું છે. આરોપીઓએ બંને કર્મચારીઓ પાસેથી ૬૦૦ ગ્રામ સોનું કબજે કરી લીધું અને ત્યારબાદ ગાંધીનગરના એપોલો સર્કલ બ્રિજ નજીક તેમને કારમાંથી ઉતારીને ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ ભોગ બનનારોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્રિત કરવાની કાર્યવાહી શરૂ કરી છે. આરોપીઓની ઓળખ, તેમની કાર અને ઘટનામાં સામેલ અન્ય વ્યક્તિઓ અંગે તપાસ ચાલી રહી છે.

# અમદાવાદની કઠવાડા જીઆઈડીસીમાં આવેલ યુનિટમાંથી શંકાસ્પદ ચૂનાનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,

અમદાવાદમાં ખાદ્ય સુરક્ષાને લઈને મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના કઠવાડા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી વૃષ્ટિ ટ્રેડિંગ નામની એક યુનિટમાંથી શંકાસ્પદ ચૂનાનો મોટો જથ્થો ઝડપાયો છે. પ્રાથમિક માહિતી અનુસાર, યુનિટ જરૂરી લાયસન્સ વિના સંચાલિત થતી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર કાર્યવાહી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા કરવામાં આવી છે.

દરોડા દરમિયાન અધિકારીઓએ આશરે ૪૫૦ કિલો શંકાસ્પદ ચૂનો કબજે કર્યો હતો. આ ઉપરાંત મોટી માત્રામાં પેકિંગ માટે તૈયાર પાર્સલ પણ મળી આવ્યા હતા. માલ પર જરૂરી માર્કિંગ અને નિયમોનું પાલન થયું છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન સામે આવ્યું કે સંબંધિત યુનિટ પાસે જરૂરી લાયસન્સ ન હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. જેના આધારે AMCના અધિકારીઓએ સ્થળ પર કાર્યવાહી કરીને નમૂનાઓ એકત્રિત કર્યા છે.

ફૂડ સેફ્ટી વિભાગે સ્થળ પરથી ચૂનાના સેમ્પલ લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ માલની ગુણવત્તા, સુરક્ષા અને કાયદાકીય ધોરણો અંગે સ્પષ્ટતા થશે. જો પરીક્ષણમાં અનિયમિતતા સામે આવશે તો સંબંધિત વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.ખાદ્ય સુરક્ષા વિભાગે લોકોને ગુણવત્તાયુક્ત અને અધિકૃત ઉત્પાદનોનો જ ઉપયોગ કરવાની સલાહ આપી છે. ખાસ કરીને પાન-મસાલા અથવા અન્ય ખાદ્ય ઉત્પાદનો સાથે ઉપયોગમાં લેવાતી સામગ્રી ખરીદતી વખતે તેની ગુણવત્તા અને વિશ્વસનીયતા અંગે સાવચેત રહેવું જરૂરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

# ફોજદારી કેસોમાં આરોપી નિર્દોષ છૂટશે તો પોલીસ અધિકારીઓ અને સરકારી વકીલો સામે તપાસ થશે

## દરેક કેસની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે ચાર સભ્યોની સમિતિની રચના કરવાનો પણ નિર્ણય કરાયો

ગાંધીનગર,

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજ્યમાં ફોજદારી કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટવાના કિસ્સાઓમાં તપાસ કરનાર પોલીસ અધિકારીઓ અને પબ્લિક પ્રોસિક્યુટરની ભૂમિકાની સમીક્ષા કરવામાં આવશે. જો તપાસ કે પ્રોસિક્યુશનમાં બેદરકારી કે ક્ષતિ જોવા મળશે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ગૃહ વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ કેસોની તપાસમાં પારદર્શિતા લાવવાનો અને ન્યાય પ્રક્રિયામાં થતા વિલંબ કે ખામીઓને અટકાવવાનો છે. અગાઉ ઘણા ગંભીર કેસોમાં યોગ્ય પુરાવાના અભાવે અથવા તપાસની ખામીઓને કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હતા, જેનાથી ન્યાય પ્રક્રિયા પર સવાલ ઉઠતા હતા. હવે આ નવી વ્યવસ્થાથી તપાસ પ્રક્રિયા વધુ ગંભીરતાથી કરવામાં આવશે.

આ મામલાની ગંભીરતાને જોતા દરેક કેસની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે એક ચાર સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમિતિમાં ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડીજીપી - લો એન્ડ ઓર્ડર અને નાયબ સચિવ કક્ષાના બે ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે.

આ સમિતિ નિર્દોષ છૂટેલા કેસોની ફાઈલો તપાસશે અને એ નક્કી કરશે કે નિર્દોષ છૂટવા પાછળનું કારણ શું હતું. તપાસમાં કોઈ ખામી રહી ગઈ હતી. પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા કોર્ટમાં યોગ્ય રીતે કેસ રજૂ કરવામાં આવ્યો હતો. પુરાવાઓ એકત્રિત કરવામાં બેદરકારી દાખવવામાં આવી હતી. આ તમામ સવાલો પર તપાસ થશે.

# અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં સામાન્ય બોલાચાલી બાદ યુવકની કરપીણ હત્યા

## પાણીના પીપના ઢાંકણાને લઈને થયેલી બોલાચાલી બાદ છરીના ઘા માર્યા

અમદાવાદ,

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં મોડી રાત્રે સામાન્ય બોલાચાલી જીવલેણ સાબિત થઈ હતી. રબારી કોલોની નજીક આવેલા વાઘજીભાઈ એસ્ટેટ વિસ્તારમાં એક યુવકની છરીના હુમલામાં હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં અમરાઈવાડી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આરોપીને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, મૃતક કિશનભાઈ તેમના પરિવાર સાથે વાઘજીભાઈ એસ્ટેટમાં રહેતા હતા. મોડી રાત્રે ઘરની બહાર અવાજ આવતાં તેઓ અને તેમના પત્ની બહાર આવ્યા હતા. તે સમયે કેટલાક યુવકો ઘરની બહાર ઊભા હતા. આરોપી તરીકે ઓળખાતા એક યુવકે ઘરની બહાર રાખેલા પાણીના પીપમાંથી મોઢું ધોયું હતું અને પીપનું ઢાંકણું જમીન પર પડી ગયું હતું. આ બાબતે કિશનભાઈએ તેને ટોકતાં બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, શરૂઆતમાં અન્ય લોકો વચ્ચે પડતાં મામલો શાંત થયો હતો અને યુવકો ત્યાંથી ચાલ્યા ગયા હતા. જોકે થોડા સમય બાદ આરોપી ફરી ઘટનાસ્થળે આવ્યો અને કિશનભાઈ પર ધારદાર હથિયારથી હુમલો કર્યો હોવાનો આરોપ છે.હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કિશનભાઈને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

# મહેસાણામાં ધોરણ-૭ની વિદ્યાર્થિનીની આવાસ યોજનાની બિલ્ડિંગના છઠ્ઠા માળેથી મોતની છલાંગ

## સોમનાથ રોડ વિસ્તારમાં આવેલી પંડિત દીનદયાલ નગર આવાસ યોજનાની ઘટના

મહેસાણા,

મહેસાણા શહેરના સોમનાથ રોડ વિસ્તારમાં આવેલી પંડિત દીનદયાલ નગર આવાસ યોજનામાં ગુરુવારે (૨ જુલાઈ) વહેલી સવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શિવકૃપા સોસાયટીમાં રહેતી અને ધોરણ-૭માં અભ્યાસ કરતી એક કિશોરીએ આવાસ યોજનાની બિલ્ડિંગના છઠ્ઠા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનાના કારણો હજુ સુધી સ્પષ્ટ થયા નથી અને પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના સવારે અંદાજે ૭ વાગ્યાની આસપાસ બની હતી. કિશોરીએ આવાસ યોજનાની બિલ્ડિંગના છઠ્ઠા માળેથી ઝંપલાવ્યા બાદ આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તરત જ પોલીસ અને ઈમરજન્સી સેવા ૧૦૮ને જાણ કરી હતી. પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ




મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં કિશોરીએ આ પગલું કયા કારણોસર ભર્યું તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. પોલીસે પરિવારજનો અને સંબંધિત લોકોના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ અન્ય તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

# અમદાવાદ : નશાની હાલતમાં કુખ્યાત કલીમે પોલીસ પર હુમલો કરતા પોલીસે સ્વબચાવમાં કર્યું ફાયરીંગ

## અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર હથિયારોના કેસમાં ચંડોળા તળાવ પાસેથી કુખ્યાત હિસ્ટ્રીશીટર કલીમની ધરપકડ કરી

અમદાવાદ,

શહેરના ઈસનપુર વિસ્તારમાં ચંડોળા તળાવ પાસે એક રીઢા ગુનેગારને ઝડપી લીધા બાદ પૂછપરછ દરમિયાન નશાની હાલતમાં આરોપી દ્વારા પોલીસની ટીમ પર અચાનક જીવલેણ હુમલો કરી દીધો હતો. હુમલાની ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચના ત્નઞ શરદ સિંઘલને ઈજા પહોંચી છે. બીજી તરફ, પોલીસના વળતા પ્રહારમાં ફાયરિંગ કરતાં આરોપીના પગમાં ગોળી વાગી હતી.

આરોપીની ધરપકડ બાદ ચંડોળા તળાવ નજીક આરોપીની જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) અને પોલીસ ઈન્સ્પેક્ટર ઘાસુરા દ્વારા તેની સંયુક્ત પૂછપરછ ચાલી રહી હતી. પૂછપરછ દરમિયાન આરોપી અચાનક ઉશ્કેરાઈ ગયો અને પોલીસ અધિકારીઓ પર જીવલેણ હુમલો કર્યો. આરોપીએ પોતાની પાસે સંતાડેલો ચાકૂ કાઢી જોઈન્ટ પોલીસ કમિશનર પર હુમલો કરતાં તેમને ધારદાર હથિયારથી ઈજા પહોંચી હતી. ઘટનાથી પૂછપરછ રૂમમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આરોપીને કાબૂમાં લેવા માટે પોલીસ અધિકારીઓએ પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન પોતાની તેમજ અન્ય પોલીસ અધિકારીઓની સુરક્ષા અને કાયદેસરના સ્વરક્ષણના અધિકાર હેઠળ જોઈન્ટ પોલીસ કમિશનરે પોતાની સર્વિસ પિસ્તોલમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળી આરોપીના પગમાં વાગતાં તે ઘાયલ થયો હતો અને તરત જ તેને કાબૂમાં લેવામાં આવ્યો હતો. ઘટના બાદ ઈજાગ્રસ્ત જોઈન્ટ પોલીસ કમિશનર તેમજ આરોપી બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બંનેની સારવાર ચાલી રહી છે.

ક્રાઈમ બ્રાન્ચના ઢઞ અજીત રાજીયને જણાવ્યું હતું કે, ગેરકાયદેસર હથિયારો અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપી કલીમની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ અચાનક પોલીસ અધિકારીઓ પર હુમલો કરી જીવલેણ પરિસ્થિતિ ઊભી કરી હતી.

# ગુજરાતમાં ૪૭ ફોરેન્સિક વેન કાર્યરત : બે વર્ષમાં ૩૭ હજારથી વધુ ક્રાઈમ સીન પર ઓન ધ સ્પોટ પ્રાથમિક ટેસ્ટ

## પુરાવાને નષ્ટ થવાથી બચાવવા, પ્રક્રિયા ઝડપી કરવા અને તપાસને ગતિ આપવા માટેની મિનિ ફોરેન્સિક લેબોરેટરી

ગાંધીનગર,

પોલીસ જ્યારે કોઈ પણ ગુનાની તપાસ કરે ત્યારે સમયસર પુરાવા મળે તે જરૂરી છે, અને સાથોસાથ એ પણ જરૂરી છે કે તેમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ કે અશુદ્ધિકરણ ન થાય. આ ઉદ્દેશને પૂર્ણ કરવા માટે ગુજરામાં ૪૭ ફોરેન્સિક વેન (સ્હ્નફજ) પોલીસ તપાસમાં સહયોગ માટે કાર્યરત છે, જે સુનિશ્ચિત કરે છે કે ગુનાના સ્થળે પુરાવાનું ઝડપી સંરક્ષણ થાય, સમયસર તેનું પ્રાથમિક સ્ક્રિનિંગ થાય અને પ્રાથમિક અભિપ્રાય મળે જેથી પોલીસ તપાસમાં ઝડપી સહયોગ મળી શકે.

રાજ્યમાં ફોરેન્સિક વિજ્ઞાનનો વ્યાપ વધે તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દીર્ઘ દ્રષ્ટિપૂર્વક ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી (GSFU)ની સ્થાપના કરી હતી, જેને હવે કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. પોલીસ કામગીરી અને લૉ એન્ડ ઓર્ડરમાં ફોરેન્સિક વિજ્ઞાનનો વ્યાપક રીતે ઉપયોગ થાય, તે ઉદ્દેશ સાથે તેમના વિઝનરી માર્ગદર્શનમાં આ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમયાનુકૂળ નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવ્યાં છે. નવા ફોજદારી કાયદાઓમાં કન્વીકશન રેટ વધારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ગુનાઓની તપાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ કાયદાઓના અમલમાં ૭ વર્ષથી વધુ સજાપાત્ર ગુનામાં ફોરેન્સિક તપાસ ફરજિયાત બનાવવામાં આવી છે ત્યારે ફોરેન્સિક વિજ્ઞાનની ભૂમિકા વધી છે. વડાપ્રધાનશ્રીના વિઝનને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ વધારી રહ્યા છે.

૩૭ હજારથી વધુ ક્રાઈમ સીન પર પહોંચી મોબાઈલ ફોરેન્સિક વેન

વર્ષ ૨૦૨૪માં ૪૭ પૈકી ૨૮ મોબાલઈલ ફોરેન્સિક વેનને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના દિશાનિર્દેશો અનુસાર અપગ્રેડ કરવામાં આવી હતી. છેલ્લા બે વર્ષમાં સ્હ્નફજ ૩૭,૨૬૯ ક્રાઈમ સીન/સ્પોટ પર પહોંચી ચૂકી છે. સ્હ્નફજ દ્વારા મર્ડર, પૉક્સો, લૂંટ, ચોરી, આગ, અને નાર્કોટિક્સ સહિત અન્ય મહત્વપૂર્ણ ગુનાઓ અંતર્ગત ઘટનાસ્થળ પર સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે.

# ભાવ. સોમનાથ નેશનલ હાઈવેની ગુણવત્તાના લીરેલીરાઃ રાજુલાના બ્રિજ પર ભયજનક તિરાડો

## માંડ દોઢ વર્ષ જૂના ચારનાળા બ્રિજ પર તાજેતરમાં મારેલા 'થીંગડા' પણ ફાટ્યા; તંત્રની ઘોર બેદરકારીથી જાનહાનિનો ખતરો



રાજુલા,તા.૩

ચોમાસાના પ્રથમ વરસાદે જ અમરેલી જિલ્લામાં સરકારી વિકાસકામો અને હાઈવે નિર્માણની નબળી ગુણવત્તા ખુલ્લી પાડી દીધી છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા નજીક આવેલા ચારનાળા બ્રિજ પરના સીસી રોડમાં મોટી અને ભયજનક તિરાડો પડી જતાં વાહનચાલકોની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા છે. આ બ્રિજ બન્યાને માંડ દોઢ વર્ષ અને હાઈવે તૈયાર થયાને બે વર્ષ જેટલો જ સમય થયો છે.

નવાઈની વાત એ છે કે, થોડા દિવસો પહેલા જ તંત્ર દ્વારા જ્યાં સમારકામ કરીને 'થીંગડા' મારવામાં આવ્યા હતા, તે જ જગ્યાએ ફરીથી રોડ ફાટી ગયો છે. આના કારણે કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગત તેમજ ભ્રષ્ટાચારના આક્ષેપો તેજ બન્યા છે. રાજુલા-જાફરાબાદ-પીપાવાવ કોસ્ટલ બેલ્ટ પરથી પસાર થતો આ નેશનલ હાઈવે ૨૪ કલાક અત્યંત વ્યસ્ત રહે છે, જ્યાંથી અન્ય રાજ્યોના પ્રવાસીઓ પણ દીવ અને સોમનાથ જવા પસાર થાય છે. આવી સ્થિતિ વચ્ચે પણ તંત્રએ વાહનવ્યવહાર બંધ ન રાખતા ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

## ભાવનગર, બોટાદ અને અમરેલીમાં SGSTની ૧૦ ટિમો દ્વારા કાર્યવાહી

# કમ્પોઝિશન ટેક્સની આડમાં કરચોરીઃ ૮ સ્થળોએથી રૂ. ૫૪ લાખની ગેરરીતિ ઝડપાઈ, રોલી પોલી કેકને કરાયો રૂ.૨૪ લાખનો દંડ

ભાવનગર,તા.૩

ભાવનગર સ્ટેટ જીએસટીવિભાગ દ્વારા કર અનિયમિતતા આચરતા તત્વો સામે લાલઆંખ કરવામાં આવી છે. જીએસટીની ૧૦ જુદી જુદી ટુકડીઓ દ્વારા ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાના કુલ ૯ સ્થળોએ સપાટો બોલાવવામાં આવ્યો હતો. આ મેગા ડ્રાઈવ અંતર્ગત ૮ સ્થળોની તપાસ પૂર્ણ થતા રૂ. ૫૪ લાખની મોટી ગેરરીતિ પ્રકાશમાં આવી છે, જ્યારે એક સ્થળે હજુ પણ કાર્યવાહી ચાલુ છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, રૂ.૧.૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ કમ્પોઝિશન ટેક્સ હેઠળ લમસમ ૬ ટકા જીએસટી ભરવા પાત્ર હોય છે. જોકે, આ મર્યાદા ઓળંગી ગયા બાદ પણ સ્લેબ ચેન્જ ન કરીને કરચોરી આચરતા વેપારીઓ પર જીએસટી વિભાગ લાંબા સમયથી રેકી કરી રહ્યું હતું. તપાસ દરમિયાન મોટાભાગના સ્થળોએ બિલ વિના માલનું વેચાણ અને શરતભંગ જેવી ગંભીર ક્ષતિઓ મળી આવી છે.

આ દરોડા દરમિયાન સૌથી મોટી કાર્યવાહી રૂપાણી સર્કલ પાસે આવેલી 'રોલી પોલી કેક અને રોલી પોલી ઈટરી' પર થઈ છે. આ પેઢી કમ્પોઝિશન ટેક્સ ઉપરાંત ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર પણ વ્યવસાય કરતી હોવાથી શરતભંગ બદલ તેને રૂ.૨૪ લાખનો ટેક્સ અને પેનલ્ટી ભરવાનો આકરો હુકમ કરાયો છે.જીએસટી વિભાગની આ કડક કાર્યવાહીથી કરચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### ક્યાં કેટલી ગેરરીતિ ઝડપાઈ

| પેઢીનું નામ અને ઝડપાયેલી ગેરરીતિ | |
|---|---|
| રોલી પોલી કેક એન્ડ ઈટરી, ભાવનગર | ૨૪.૦૦ લાખ |
| હાર્દિક મેડિકો, અમરેલી | ૧૩.૦૦ લાખ |
| લીવ મેડિસીન, અમરેલી | ૧૦.૦૦ લાખ |
| પંડ્યા મીઠાઇ (કાળાનાળા અને ભાંગલી ગેટ), ભાવનગર | ૫.૦૦ લાખ |
| નાઈસ એન્ડ ન્યુ ફેશન ગેલેરી (વોરાબજાર), ભાવનગર | ૪.૫૦ લાખ |
| ફૂડ પોઈન્ટ (રૂપાણી વિસ્તાર), ભાવનગર | ૨.૫૦ લાખ |
| પુજન ફુડ્સ, બોટાદ | ૨.૦૦ લાખ |
| ગણેશ એન્ટરપ્રાઈઝ, અમરેલી | ૧.૭૦ લાખ |

# ભાવનગર રેલવે હોસ્પિટલમાં રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડેની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

## પેન્શનર્સ એસોસિયેશન દ્વારા તબીબોનું સન્માન અને દર્દીઓને ફળ વિતરણ: વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ભાવનગર,તા.૩

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ સ્થિત મંડળીય રેલવે હોસ્પિટલ (DRH) ખાતે રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડેની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. મંડળ રેલવે પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન અને મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડૉ. મનોજ કુમારના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી હુબલાલ જગન પણ ઉપસ્થિત રહ્યા હતા.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, કાર્યક્રમ બે તબક્કામાં યોજાયો હતો. પ્રથમ તબક્કામાં રેલવે પેન્શનર્સ એસોસિયેશનના આશરે ૭૦ સભ્યોએ ડૉક્ટરોને સ્મૃતિચિહ્ન આપી તેમની નિઃસ્વાર્થ સેવાઓ બદલ સન્માન કર્યું હતું અને હોસ્પિટલના દર્દીઓને ફળોનું વિતરણ કર્યું હતું.

બીજા તબક્કામાં તબીબો અને સ્ટાફ માટે મેડિકલ ડમ્બ શરાડ્સ તથા રેપિડ ફાયર મેડિકલ ક્વિઝ જેવી મનોરંજક સ્પર્ધાઓ યોજાઈ હતી. અંતમાં તબીબોની માનવસેવા અને સમર્પણ ભાવને બિરદાવી હતી.

# લાયન્સ ક્લબ ઓફ ભાવનગર સિટી દ્વારા માનવસેવાના કાર્યો વેગવંતા બનાવવા સંકલ્પ

## સેવા ભાવિ યુવા આગેવાન કુલદીપસિંહ ચુડાસમાએ પ્રમુખ તરીકે લીધા શપથ



ભાવનગર,તા.૩

લાયન્સ ક્લબ ઓફ ભાવનગર (સિટી) અને લિયો ક્લબ ઓફ ભાવનગર સિટીનો વર્ષ ૨૦૨૬-૨૭નો ઈન્સ્ટોલેશન તથા શપથગ્રહણ સમારોહ પી.એન.આર. સોસાયટી સ્થિત નટરાજ હોલ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો.

આ પ્રસંગે અગ્રણી બિલ્ડર અને સમાજસેવક લાયન કુલદીપસિંહ ચુડાસમાએ પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમની સાથે લાયન નિરવ દેવએ મંત્રી અને લાયન દિલીપ ત્રિવેદીએ ખજાનચી તરીકે પદભાર સંભાળ્યો હતો.

પ્રમુખ કુલદીપસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, ક્લબના "We Serve"ના સૂત્રને આત્મસાત કરીને આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ જેવા માનવસેવાના પ્રકલ્પોને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવશે. આ સમારોહમાં ડિસ્ટ્રિક્ટના હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુક્ત ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કારડીયા રાજપૂત યુવા સંઘ દ્વારા રક્તદાન કેમ્પ અને ચોપડા વિતરણનું આયોજન

## રવિવારે ભાવનગરના છાપરુ હોલ ખાતે વર્ષોની પરંપરા મુજબ યોજાશે સેવા યજ્ઞ

ભાવનગર,તા.૩

કારડીયા રાજપૂત યુવા સંઘ દ્વારા વર્ષોની પરંપરા મુજબ આગામી જુલાઈ માસના પ્રથમ રવિવારે એટલે કે તા. ૦૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ એક ભવ્ય રક્તદાન કેમ્પ અને વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવશે.

આ બેવડા સેવા કાર્યક્રમનો સમય સવારે ૯:૦૦ થી બપોરના ૧૨:૦૦ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. આ મહોત્સવ ભાવનગરમાં ઘોઘા સર્કલથી વૃદ્ધાશ્રમ રોડ પર, ટીવી કેન્દ્ર પાસે આવેલા 'છાપરુ હોલ' ખાતે યોજાશે. સંઘ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિનો લાભ લેવા અને રક્તદાન કરીને પુણ્યનું ભાથું બાંધવા સંબંધિત લોકોને જાહેર અપીલ કરવામાં આવી છે.

# રાજ્યપાલ દેવવ્રતજીએ સી.આર.પી. અને કૃષિ સખીઓ સાથે સંવાદ સાધ્યો

## પ્રાકૃતિક ખેતીનો પ્રચાર એ સમાજને નિરોગી અને સમૃદ્ધ બનાવવાનું ઈશ્વરીય કાર્યઃ રાજ્યપાલ

ભાવનગર,તા.૩

સરતાનપર ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ પૂર્ણ થયા બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ભાવનગર તાલુકાના સી.આર.પી. અને કૃષિ સખીઓ સાથે આત્મીય અને પ્રેરણાદાયી સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીનો પ્રચાર-પ્રસાર એ માત્ર એક જવાબદારી નથી, પરંતુ સમાજને નિરોગી, ઝેરમુક્ત અને સમૃદ્ધ કરવાનું પુણ્યનું કાર્ય છે.



રાજ્યપાલએ કૃષિ સખીઓને ગામેગામ જઈને ખેડૂતોને તાલીમ અને માર્ગદર્શન આપવા તથા તેમનામાં વિશ્વાસ જગાડવા અનુરોધ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, દરેક નવા ખેડૂતને આ અભિયાન સાથે જોડવા એ રાષ્ટ્રસેવા સમાન છે. સૌના સંયુક્ત પ્રયાસોથી ખેડૂતોની આવક વધશે, જમીન-પર્યાવરણનું રક્ષણ થશે અને ઝેરમુક્ત તેમજ વિકસિત ભારતના નિર્માણમાં મોટું યોગદાન મળશે.

# પૈસાની ઉઘરાણી મામલે યુવકનું અપહરણ કરી માર મારનાર પિતા અને પુત્ર ઝડપાયા

ભાવનગર,તા.૩

ઘોઘા રોડ પોલીસ મથકેથી મળતી વિગતો અનુસાર, સુભાષનગર પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રહેતા રાહુલ નરેશભાઈ બારૈયાએ આરોપી રોહિત પ્રવિણભાઈ વાજા પાસેથી ૨૦,૦૦૦ હાથ ઉછીના લીધા હતા. આ રકમ પરત કરવામાં વિલંબ થતાં, ગત ૨૯ જૂનના રોજ રોહિતે રૂવાપરી રોડ ઉલ્લાસ ચોક પરથી રાહુલનું બળજબરીથી સ્કૂટર પર અપહરણ કર્યું હતું.

આરોપી રાહુલને વૈશાલી સિનેમા પાસેની અવાવરું જગ્યાએ લઈ ગયો હતો, જ્યાં તેનો પિતા પ્રવિણ ઉર્ફે પલ્લા શેઠ વાજા પણ હાજર હતો. રાહુલે પૈસા ચૂકવવા વધુ થોડો સમય માંગતા જ પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી લાકડાના



ધોકા તથા લોખંડના પાઈપ વડે આડેધડ હુમલો કરી રાહુલને લોહીલુહાણ કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફતે સર ટી. હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી પિતા-પુત્રને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટા ખુંટવડા સીએચસીમાં તબીબી સ્ટાફની અછત, દર્દીઓ રામ ભરોસે

મહુવા,તા.૩

મહુવા તાલુકાના મોટા ખુંટવડા ગામે આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ઘણા સમયથી તબીબી સ્ટાફની ભારે અછત હોવાથી દર્દીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વસ્તીની દ્રષ્ટિએ મોટા એવા આ ગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ગરીબ અને મધ્યમવર્ગીય લોકો માટે આ કેન્દ્ર આશીર્વાદ સમાન છે, પરંતુ નિષ્ણાતોના અભાવે તે માત્ર નામનું જ રહી ગયું છે.

આરોગ્ય કેન્દ્રમાં રોગના નિદાન માટે લેબોરેટરી ટેકનીશ્યન હાજર ન હોવાથી દર્દીઓને ફરજિયાતપણે પોતાના રિપોર્ટ કરાવવા માટે મોંઘી ખાનગી લેબમાં જવું પડે છે. આટલું જ નહી, હોસ્પિટલમાં લાંબા સમયથી આંખના સર્જન (આઈ સર્જન) અને ગાયનેક વિભાગમાં પણ કાયમી ડોક્ટરની જગ્યાઓ ખાલી પડેલી છે. આટલી ગંભીર સમસ્યા હોવા છતાં સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને જવાબદાર સત્તાધીશો આંખ આડા કાન કરી રહ્યા છે. નેતાઓની આ ઉદાસીનતાથી જાગૃત નાગરિકોમાં ભારે ટીકા થઈ રહી છે. મોટા ખુંટવડા પંથકની જનતા દ્વારા વહેલી તકે ખાલી પડેલી જગ્યાઓ પર સ્ટાફની નિમણૂક કરી આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

**દર્દીઓ ખાનગી હોસ્પિટલોમાં જવા મજબુર, નેતાઓની ઉદાસીનતા સામે જનતામાં રોષ**

# ભાવનગરમાં 'નમો સ્વચ્છતા' અને 'અમૃતપાન અભિયાન'નો પ્રારંભ

## સર તખ્તસિંહજી હોસ્પિટલ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજનઃ રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે નિમિત્તે તબીબોનું સન્માન કરાયું

ભાવનગરઃ,તા.૩

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧ થી ૭ જુલાઈ દરમિયાન આયોજિત "નમો સ્વચ્છતા અભિયાન" નો ભાવનગર જિલ્લા કક્ષાનો પ્રારંભ ગવર્નમેન્ટ નર્સિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતેથી થયો હતો. ગાંધીનગરથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ અહીં નિહાળવામાં આવ્યું હતું. આ તકે સ્તનપાનના મહત્વને સમજાવતા "અમૃતપાન અભિયાન" અંતર્ગત પુસ્તિકા અને ફ્લિપચાર્ટનું લોન્ચિંગ પણ કરાયું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ મેયર ઉષાબેન તલરેજાએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને સ્વચ્છતાને જીવનશૈલી બનાવવાની અપીલ કરી હતી. રિજનલ ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. હરેશ વાળા અને મેડિકલ કોલેજના ડીન ડૉ. ચિન્મય શાહએ આરોગ્ય સંસ્થાઓમાં ચેપ નિયંત્રણ અને સુપરવિઝન પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે નિમિત્તે શ્રી સરદાર પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ તબીબો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ ડૉ. રમેશ સિન્હાએ કરી હતી, જ્યારે સંચાલન ડૉ. ધવલ દવેએ કર્યું હતું. આ પ્રસંગે મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. અશોક વાળા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કોકિલાબેન સોલંકી અને તબીબી સ્ટાફ હાજર રહ્યો હતો.

# સણોસરા લોકભારતીમાં વિદ્યાર્થીઓ માટે 'ફિનિશિંગ સ્કુલ પ્રકલ્પ'નો મંગલ પ્રારંભ

## ગુજરાત સરકારના કે.સી.જી. દ્વારા રોજગારી ક્ષમતા વર્ધન અને જીવન કૌશલ્ય વિકાસ માટે ૨૦ દિવસીય સઘન તાલીમ શરૂ કરાઈ

ભાવનગર,તા.૩

સ્નાતક કક્ષાના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્ય વિકાસ, રોજગારી ક્ષમતા વર્ધન તેમજ વ્યવહારુ અંગ્રેજી ભાષા અને સંપ્રેક્ષણ કૌશલ્ય સજ્જતા લાવવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારના કે.સી.જી. દ્વારા રાજ્યભરની કોલેજો અને ગ્રામ વિદ્યાપીઠોમાં 'ફિનિશિંગ સ્કુલ પ્રકલ્પ' અંતર્ગત ૮૦ કલાકનો સઘન કાર્યક્રમ યોજવામાં આવી



રહ્યો છે. જેના ભાગરૂપે લોકભારતી, લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા ખાતે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી, જાણીતા લોક વૈજ્ઞાનિક અને શિક્ષણવિદ્ ડૉ. અરુણભાઈ દવે દ્વારા દીપ પ્રાગટ્ય અને ચાવીરૂપ ઉદ્બોધન સાથે આ પ્રકલ્પનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સઘન તાલીમ કાર્યક્રમ અંતર્ગત ભાવનગરના જાણીતા ટ્રેઈનર ડૉ. છાયાબેન પારેખ અને સ્મિતભાઈ પારેખ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહીને આગામી ૨૦ દિવસ સુધી વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકાસ અને રજૂઆત કૌશલ્યોની તાલીમ આપશે.

કાર્યક્રમ દરમિયાન ઉદઘાટકીય પ્રવચન આપતા અરુણભાઈએ આખાય પ્રકલ્પને વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ અને લોકભારતીની કેળવણી સાથે સુસંગત ગણાવ્યો હતો. તેમણે પોતાની સરળ અને લાક્ષણિક શૈલીમાં માર્મિક વાત કરતા કહ્યું કે, "રાંધતા આવડે એ કૌશલ્ય અને પીરસાતા આવડે એ અભિવ્યક્તિ છે." આ સાથે જ તેમણે લોકભારતીના આદ્ય સ્થાપકોના આવા જ દુરંદેશી વિચારોને પણ સદ્રષ્ટાંત સમજાવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તજજ્ઞ ડૉ. છાયાબેન પારેખે પ્રેરક પ્રસંગ કથાઓ અને પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કર્યું હતું, તેમજ લોકભારતી સંસ્થામાં આ તાલીમ કાર્યક્રમમાં ભાગીદાર થવા બદલ 'સોનામાં સુગંધ ભળવી' તેમ કહીને રાજીપો વ્યક્ત કર્યો હતો. આ ઉદ્ઘાટન પ્રસંગે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના નિયામક હસમુખભાઈ દેવમુરારિ, લોકસેવા મહાવિદ્યાલયના નિયામક ડૉ. નીતિનભાઈ ભીંગરાડિયા અને ઈન્ચાર્જ આચાર્ય વિશાલભાઈ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે આભાર દર્શન અંગ્રેજી વિભાગના અધ્યાપક અને આ પ્રકલ્પના સ્થાનિક કોઓર્ડિનેટર ક્રિષ્નાબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભાવનગરમાં ૨૩ જુલાઈએ જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ભાવનગર,તા.૩

ભાવનગર કલેક્ટર કચેરી ખાતે આગામી ૨૩ જુલાઈ, ૨૦૨૬ને ગુરૂવારે સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સર્વિસ મેટર, નીતિ વિષયક, કોર્ટ મેટર અને સામૂહિક પ્રશ્નો સિવાયની અરજીઓ સ્વીકારાશે. અરજદારે પોતાના જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે જરૂરી આધાર-પુરાવા, નામ-સરનામું અને મોબાઈલ નંબર સાથે રૂબરૂ રજૂઆત કરવાની રહેશે. આ માટેની અરજીઓ ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં કચેરી સમય દરમિયાન સ્વીકારવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## રાજ્યસભાના વિચારમંચની આર્થિક રૂપરેખા

ભારતીય સંસદીય વ્યવસ્થાનો પાયો બે સ્તંભો પર ટકેલો છે: લોકસભા અને રાજ્યસભા. જ્યાં લોકસભા માતૃગૃહ તરીકે જનતાની તાત્કાલિક ભાવનાને મૂર્તિમંત કરે છે, ત્યાં રાજ્યસભા એક સ્થાયી સંસ્થા છેલજે ક્યારેય વિસર્જિત નથી થતી. દરેક દ્વિવાર્ષિક ગાળે તેના એક-તૃતીયાંશ સભ્યો ફરી વળે છે, જેનાથી ગૃહને સાતત્ય, અનુભવ અને તાજગીનો સમન્વય સાધવામાં મદદ મળે છે. રાજ્યસભા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના હિતોનો પ્રતિધ્વનિ કરતી હોવાથી, તેને સંઘીય લોકશાહીનું "સંતુલક" ગણવામાં આવે છે. વિચારકો તેને માત્ર કાયદાકીય ગૃહ નહીં, પરંતુ પરિપક્વ ચિંતન, વિમર્શ અને રાષ્ટ્રીય નીતિને દિશા આપતું પ્રતિબિંબિત મંચ પણ માને છે.રાજ્યસભાના સભ્યો સીધા લોકમતથી નહીં, પરંતુ રાજ્ય વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વ અને એકલ હસ્તાંતરિત મત પદ્ધતિ દ્વારા ચૂંટાય છે. કુલ ૨૪૫ બેઠકોમાંથી ૨૩૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફાળવવામાં આવે છે, જ્યારે ૧૨ સભ્યોનું મનોનયન રાષ્ટ્રપતિ દ્વારા સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજકાર્ય જેવા ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન બદલ કરવામાં આવે છે. આ પરોક્ષ ચૂંટણીપદ્ધતિ રાજ્યસભાને લોકસભાથી અલગ ગૌરવ, સ્વાયત્તતા અને બંધારણીય વિશિષ્ટતા આપે છે. તેનો હેતુ સ્થાનિકતાને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સાથે જોડવાનો છે.રાજકારણમાં સંપત્તિની ઘૂસણખોરી આજનો સૌથી સ્પષ્ટ અને ચોંકાવનારો નિરીક્ષણવિષય છે. વિવિધ ચૂંટણી સોગંદનામાંઓના વિશ્લેષણો દર્શાવે છે કે સંસદના બંને ગૃહોમાં કરોડપતિઓની સંખ્યા ઐતિહાસિક ઉચ્ચસ્તરે પહોંચી ચૂકી છે. તાજેતરના અહેવાલો અનુસાર, રાજ્યસભાના સભ્યોની સરેરાશ સંપત્તિ લોકસભાની સરેરાશ કરતાં ઘણી વધારે જોવા મળે છેલઆ માત્ર એક પરિમાણ નથી, પરંતુ રાજકીય પ્રવેશ માટે જરૂરી નાણાકીય ક્ષમતાના વધતા દરવાજાનો સંકેત છે. સામાન્ય પરિવારની પ્રતિભાશાળી વ્યક્તિનું ઉમેદવારીપત્રક ભરવું આજે પડકાર બની ગયું છેલપ્રચારખર્ચ, ટેક્નોલોજી-સંચાલિત ઝુંબેશ, અને સંગઠનાત્મક માળખું માટે ભારે ભંડોળ અનિવાર્ય બની ગયું છે. પરિણામે, લોકશાહીની રાજનૈતિક ભૂમિકામાં ધનબળનું વર્ચસ્વ ધીરે ધીરે માળખાકીય સ્વરૂપ ધારણ કરી રહ્યું છેજ્યારે દેશની નીતિઓ ઘડનારા પ્રતિનિધિઓ સરેરાશ નાગરિક કરતાં સેંકડો ગણા વધુ સંપન્ન હોય, ત્યારે તેમના જીવનાનુભવ અને સમસ્યાઓની સમજમાં અસમતુલા આવવી સ્વાભાવિક છે. મોંઘવારીની માર, બેરોજગારીની નિરાશા, ખેડૂતની દેવાદારી, શાળા-આરોગ્યના મૂળભૂત પ્રશ્નોલઆ બધાની અનુભૂતિ વૈભવી જીવનશૈલીમાં ઢંકાઈ જતી હોય તો નીતિઓ પણ વાસ્તવિકતાથી વિમુખ બની શકે છે. લોકશાહીનું મૂળ તત્ત્વ માત્ર મતદાન નથી, પરંતુ સમાજના દરેક વર્ગને સમાન અવાજ આપવાનું છે. જો સંસદમાં માત્ર એક જ વર્ગનો સૂર સંભળાય, તો શેષ સમાજ અવાજહીન બની જાય.વેપાર જગત અને રાજકીય સત્તા વચ્ચેના વધતા તંત્રજાળે જાહેર જનતાના મનમાં હિતસંઘર્ષની શંકાઓને વધારી છે. અનેક સંસદસભ્યો મોટા કોર્પોરેટ જૂથો, શેરબજારના રોકાણો, અને વિવિધ ઉદ્યોગો સાથે સીધા જોડાયેલા હોવાનો ખુલાસો થયો છે. આવા સંજોગોમાં, જાહેર હિત કે ખાનગી લાભલક્યા પ્રાથમિક્તા બને છે, તેની સીમાઓ અસ્પષ્ટ બની જાય છે.

# વિક્ટોરિયા પાર્કની વાંસની મઢીમાં ચોમાસાની ભીની યાદો



ફ્રાઇડે ફોટો સ્ટોરી -અમૂલ પરમાર

જ્યારે આકાશમાંથી અમૃતવર્ષા થાય છે, ત્યારે ધરતી પુલકિત થઈ ઉઠે છે. વરસાદની ભીની સુગંધ, મોરલાનો ટહૂકો અને આ વાંસનો કુંજ... મન પ્રફુલ્લિત થઈ ગયું.કુદરતના ખોળે માણેલી આ ચોમાસાની સાંજ ક્યારેય ન ભુલાય.આ વાંસની મઢીમાં બેસીને વરસાદને વરસતો જોવો એ એક અલૌકિક અનુભવ છે.

# એ ક્ષણ, જ્યારે દેહ કરતાં દાન મોટું થઈ ગયું

કુરુક્ષેત્રના યુદ્ધ પછી, જ્યારે પૃથ્વી લોહીથી સિંચાયેલી હતી અને યુધિષ્ઠિરના મનમાં ધર્મને લઈને અનેક શંકાઓ ઊઠી રહી હતી, ત્યારે બાણશય્યા પર સૂતેલા ભીષ્મે તેમને દાનનું મહત્વ સમજાવવા માટે રાજા રંતિદેવની વાર્તા સંભળાવી હતી.રંતિદેવ ઈક્ષ્વાકુ વંશના એક મહાદાની રાજા હતા. તેમના રાજ્યમાંથી કોઈ પણ યાચક ક્યારેય નિરાશ થઈને પાછો ફરતો નહોતો. એકવાર રાજ્યમાં ભયંકર દુષ્કાળ પડયો અને રાજકોષ સંપૂર્ણપણે ખાલી થઈ ગયો. રંતિદેવ પોતે પોતાના પરિવાર સાથે ૪૮ દિવસ સુધી નિરાહાર રહ્યાં. તેમના શરીરમાં માત્ર પ્રાણવાયુ જ બાકી બચ્યો હતો. ઓગણપચાસમાં (૪૯માં) દિવસે, જ્યારે પરિવાર માટે થોડા અન્ન અને જળની વ્યવસ્થા થઈ અને તેઓ ભોજન કરવા બેઠા, ત્યારે જ એક બ્રાહ્મણ દ્વાર પર આવ્યો. રંતિદેવે એક પણ ક્ષણના સંકોચ વિના તેને પોતાનું અન્ન આપી દીધું.

બ્રાહ્મણના ગયા પછી તરત જ એક ગરીબ શ્રમિક આવ્યો, તેને પણ અન્ન આપી દીધું. ત્યારપછી એક દીન (અસહાય) સ્ત્રી આવી, જેની સાથે તેના બાળકો હતા, તેમને પણ ભોજન આપી દીધું. અંતમાં એક તરસ્યો વટેમાર્ગુ (પથિક) આવ્યો. રંતિદેવ પાસે માત્ર એક પાત્ર જ બાકી બચ્યું હતું, એ જ જળ જે તેમના પ્રાણ બચાવી શકતું હતું. તેમણે તે પણ આપી દીધું અને બોલ્યા :

'મને ન તો રાજ્ય જોઈએ છે, ન સ્વર્ગ, ન મોક્ષ; મને માત્ર એટલું જ જોઈએ છે કે તમામ જીવોના કષ્ટ મારા પર આવી જાય અને તેઓ સુખી થાય.'

આ નિઃસ્વાર્થ ભાવથી દેવતાઓ પ્રસન્ન થઈ ગયા અને રાજા રંતિદેવને અક્ષય કીર્તિ તથ મોક્ષની પ્રાપ્તિ ગઈ.

ઉપનિષદો કહે છે, 'અભયં સર્વભૂતેભ્યઃ એટલે કે તમામ જીવોને અભય આપવું એ સર્વોચ્ચ દાન છે. રંતિદેવ આ જ અભયના દાતા છે. તેઓ બીજાને જળ આપીને તેમના જીવનનો ભય હરી લે છે અને પોતે મૃત્યુના ભયમાંથી મુક્ત થઈ જાય છે. આ એક વિલક્ષણ મનોવૈજ્ઞાનિક સત્ય છે. દાન આપનાર વાસ્તવમાં પોતાના ભયનું દાન કરે છે.

**જ્યારે દાન, ધર્મનો પર્યાય બની જાય છે**

મહાભારતના અનુશાસન પર્વમાં ભીષ્મે યુધિષ્ઠરને કહ્યું હતું, 'ન દાનાત્ પરમો ધર્મઃ,' અર્થાત્ દાનથી મોટો કોઈ ધર્મ નથી. આ માત્ર એક નૈતિક ઉપદેશ નથી, પરંતુ આ એ સત્યની ઘોષણા છે જે રંતિદેવની કથામાં જીવંત થાય છે. દાન અહીં માત્ર કોઈ વસ્તુની આપ-લે નથી, પરંતુ તે અહંકારના વિસર્જનની પ્રક્રિયા છે. રંતિ જ્યારે પોતાનું અંતિમ જળ-પાત્ર એ તરસ્યા પથિકને આપે છે ત્યારે તેઓ માત્ર જળ નથી આપતા, તેઓ પોતાના જીવનનો અધિકાર પણ સોંપી દે છે. અને આ જ ક્ષણ તેમના ધર્મની પરાકાષ્ઠા છે.દાન વિરુદ્ધ ત્યાગ, એક સૂક્ષ્મ ભેદ રંતિદેવની કથાનું સૌથી ઊંડું દાર્શનિક પાસું એ છે કે તેમનું દાન કોઈ પણ અપેક્ષા વગરનું છે. તેઓ સ્વર્ગ નથી માંગતા, મોક્ષની કામના નથી કરતા, યશની લાલસા નથી રાખતા. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણએ કહ્યું છે. : 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' અર્થાત્ કર્મ કરવા પર જ તારો અધિકાર છે, તેના ફળ પર ક્યારેય નહીં. રંતિદેવ આ સૂત્રના જીવંત પ્રમાણ છે. સામાન્ય મનુષ્ય દાન કરે છે અને પરિણામની પ્રતીક્ષા કરે છે – પુણ્યની, કીર્તિની અથવા ઓછામાં ઓછી કૃતજ્ઞાતાની. રંતિદેવનું દાન આ બધાથી પર છે. આ એ અવસ્થા છે જેને વેદાંતમાં 'નિષ્કામ કર્મ' કહેવામાં આવે છે.દાન એક રાજકીય કાર્ય પણ છે રંતિદેવ એક રાજા છે. તેમનું દાન માત્ર વ્યક્તિગત ધર્મ નથી, આ એક રાજ્યના ધર્મની પણ પરીક્ષા છે. અનુશાસન પર્વમાં ભીષ્મે વારંવાર કહ્યું છે કે રાજાનો પ્રથમ ધર્મ પ્રજાનું પાલન કરવાનો છે. જ્યારે રંતિદેવ પોતાની ભૂખને બાજુ પર મૂકીને યાચકને અન્ન આપે છે, ત્યારે તેઓ એ સંદેશ આપે છે કે સત્તાનો અર્થ સંગ્રહ કરવો નથી, પણ વિતરણ કરવું છે.

વિશેષ

# ભારતનો ડિજિટલ ભવિષ્યકાળ ઉજ્જવળ છે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

વિશ્વ આજે કૃત્રિમ બુદ્ધિ (AI) ના તે અદ્ભુત યુગમાં પ્રવેશી ચૂક્યું છે, જેની કલ્પના થોડાક દાયકા પહેલાં પણ માત્ર વિજ્ઞાન સાહિત્યમાં જ શક્ય હતી. ભારત જેવા ઝડપથી ઉભરતા અને યુવાનોના વિશાળ સમુદ્ર ધરાવતા રાષ્ટ્ર માટે આ તક અને પડકાર બંનેનું અનોખું મિશ્રણ છે. દેશ આજે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ટેક્નોલોજી-સક્ષમ સેવાઓના ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યો છે. યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સ થી લઈને ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા સુધી, ભારતની પ્રગતિ અવિરત છે. આવા ઉત્સાહી વાતાવરણમાં, AI આપણી કાર્યપદ્ધતિને નવી

### AI યુગમાં રોજગારની નવી સંભાવનાઓ અનેક છે.ટેક્નોલોજીની ક્રાંતિ સાથે ભારતની યુવા શક્તિને જોડતો આત્મવિશ્વાસનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે.

દિશા આપી રહ્યું છે, અને તેની સાથે રોજગારીનું સ્વરૂપ પણ ઝડપથી બદલાઈ રહ્યું છે.

એક સમય હતો જ્યારે લોકો માનતા હતા કે મશીનોના આગમનથી રોજગારીમાં ભારે વધારો થશે. પરંતુ AI આપણી સમક્ષ એક નવી વાસ્તવિકતા મૂકી રહ્યું છે – કેટલાક ક્ષેત્રોમાં નોકરીઓ ઘટી રહી છે, તો કેટલાક સ્થાનો પર નવા કૌશલ્યની માંગ ઉભી થઈ રહી છે. જો કે, ભારતના પરિપ્રેક્ષ્યમાં આ ફેરફારને ફક્ત નકારાત્મક રીતે જોવાને બદલે, તેને આપણી યુવા શક્તિને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાની ઐતિહાસિક તક માનવી જોઈએ.

**AI દ્વારા સર્જાતી નવી રોજગાર તકો અનેક છે.**

સૌથી મહત્વની વાત એ છે કે AI માત્ર નોકરીઓનો નાશ કરતું નથી, પરંતુ તે સાથે અનેક નવા ઉદ્યોગો અને વ્યાવસાયિક અવસરો પણ સર્જે છે. ડેટા સાયન્ટિસ્ટ, AI ટ્રેનર, મશીન લર્નિંગ એન્જિનિયર, પ્રોમ્પ્ટ એન્જિનિયર, AI એથિક્સ સ્પેશિયાલિસ્ટ, ઓટોમેશન કન્સલ્ટન્ટ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એક્સપર્ટ જેવી પ્રોફાઈલ્સ આજે સૌથી વધુ માંગ ધરાવતી નોકરીઓમાં સ્થાન પામી રહી છે. ભારતમા IT સેક્ટર, ફાઈનાન્સ, હેલ્થકેર, શિક્ષણ અને સરકારી સેવાઓમાં AI આધારિત સોલ્યુશન્સને અપનાવવાની ગતિ વધી રહી છે. જે યુવાનો આ નવી ટેક્નોલોજીને અપનાવશે તેમના માટે તકોનો સાગર ખૂલશે, જ્યારે જૂની પદ્ધતિઓને વળગી રહેનારાઓ માટે સંઘર્ષ વધશે.

ભારત સરકારે 'National AI Mission' અને 'IndiaAI' જેવી પહેલો શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય દેશના યુવાનોને AI સાક્ષર બનાવવાનો છે. આ પહેલો ખાસ કરીને નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને મફત કોર્સિસ, ઓનલાઈન લેબ અને હેન્ડ-ઓન પ્રોજેક્ટ્સની તક પૂરી પાડે છે. પરિણામે ભારતની યુવા પેઢી હવે માત્ર AIનો ઉપયોગ કરનાર નહી, પરંતુ AI નિર્માતા બનવાની દિશામાં આગળ વધી રહી છે. આત્મવિશ્વાસની આ ભાવના ભારતને વૈશ્વિક છૈં દોડમાં આગળ રાખી શકે છે.

એન્ટ્રી લેવલની ઘણી પરંપરાગત નોકરીઓ, જેમ કે ડેટા એન્ટ્રી, બેઝિક એકાઉન્ટિંગ, કસ્ટમર સપોર્ટ કોલ્સ, દસ્તાવેજ વેરિફિકેશન અને પ્રાથમિક વિશ્લેષણ, હવે AI ટૂલ્સ દ્વારા સ્વયંસંચાલિત થઈ રહી છે. પરંતુ આ ફેરફાર ભયનો વિષય નથી, પરંતુ એક કુદરતી ઉત્ક્રાંતિ છે. જેમ ઔદ્યોગિક ક્રાંતિએ ખેતીમાંથી કારખાનાઓ તરફ કામદારોને સ્થાનાંતરિત કર્યા, તેમ AI યુગ કાર્યબળને ઉચ્ચ-મૂલ્યવાળી અને સર્જનાત્મક ભૂમિકાઓ તરફ દોરી જશે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે, આ નવી ભૂમિકાઓ માટે ટેક્નિકલ કૌશલ્યની સાથે માનવીય લાગણી, આઈડિયા જનરેશન, ટીમ વર્ક અને જટિલ સમસ્યાઓનું નિરાકરણ જેવા ગુણોની પણ જરૂર છે, જે મશીનો હજુ પણ સંપૂર્ણપણે આપી શકતા નથી.

આ પરિસ્થિતિમાં સતત શીખવાની આદત સૌથી મોટું રોકાણ બની રહી છે. કૉલેજની ડિગ્રી હવે જીવનભરની બાંયધરી આપતી નથી. તેને બદલે, ઓનલાઈન કોર્સિસ, બૂટ કેમ્પ્સ, હેન્ડ્સ-ઓન પ્રોજેક્ટ્સ, ઈન્ટર્નશિપ અને ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા પાર્ટનરશિપ વધુ મહત્વની બની રહી છે. ભારતના યુવાનો આ ફેરફારને સમજી રહ્યા છે અને સ્વયંસ્ફુરિત રીતે નવી સ્કિલ્સ શીખવા માટે આગળ વધી રહ્યા છે. યુટ્યુબ થી લઈને કોર્સેરા અને ઉડેમી સુધી, દરેક પ્લેટફોર્મ પર ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા રેકોર્ડ સ્તરે પહોંચી છે. આ ઉત્સાહ ભારતની ભાવિ કાર્યબળને મજબૂત બનાવશે.

શાળાઓ અને કૉલેજો હવે જાગૃત થઈ રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ એ AI, ડેટા સાયન્સ, કોડિંગ અને ડિજિટલ સાક્ષરતાને અભ્યાસક્રમનો અભિન્ન ભાગ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. હવે ફક્ત ઈજનેરી અને કમ્પ્યુટર વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ કળા, વાણિજ્ય અને માનવશાસ્ત્રના વિદ્યાર્થીઓ પણ AIના મૂળભૂત ખ્યાલોથી પરિચિત થઈ રહ્યા છે. વ્યવહારુ પ્રયોગશાળાઓ, હેકાથોન્સ, સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેશન સેન્ટર્સ અને ઉદ્યોગ સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સ શિક્ષણનો એક ભાગ બની રહ્યા છે. આ ફેરફાર ભારતના યુવાનોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવી રહ્યો છે અને તેમને ફક્ત નોકરી મેળવવાને બદલે નોકરી સર્જક બનવા માટે સજ્જ કરી રહ્યો છે.

આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ સાક્ષરતા અભિયાન, સામાન્ય સેવા કેન્દ્રો અને મોબાઈલ લેબ્સ દ્વારા દૂર-દૂરના વિસ્તારોના યુવાનો પણ AI ની દુનિયા સાથે જોડાઈ રહ્યા છે. 'Skill India' મિશન હેઠળ AI, IoT, બ્લોકચેન અને રોબોટિક્સમાં વિશેષ તાલીમ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રયાસો દર્શાવે છે કે ભારત સરકાર અને ખાનગી ક્ષેત્ર સંયુક્ત રીતે આ ટેક્નોલોજીકલ પરિવર્તનને સર્વસમાવેશક બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

AI અને ઉદ્યોગોનું સમન્વય હવે જરૂરી છે.સહઅસ્તિત્વ નું નવું સૂત્ર હવે અપનાવવું જરૂરી છે.કોર્પોરેટ જગત પણ હવે સમજી ગયું છે કે માત્ર AI દ્વારા કર્મચારીઓને બદલવાથી લાંબા ગાળાનો લાભ નથી. સ્માર્ટ કંપનીઓ AI નો ઉપયોગ કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા માટે કરી રહી છે, તેમને નવી સ્કિલ્સની તાલીમ આપી રહી છે, અને નવી ભૂમિકાઓ સર્જી રહી છે. ઉદાહરણ તરીકે, AI હવે કસ્ટમર સર્વિસ કોલ્સને સ્વયંસંચાલિત કરે છે, પરંતુ તેની સાથે AI સિસ્ટમને મેનેજ કરવા, તેની ભૂલો સુધારવા અને વધુ સચોટ બનાવવા માટે નવા AI ટ્રેનર્સની જરૂર પડે છે. એ જ રીતે, ડેટા એનાલિટિક્સ AI દ્વારા ઝડપથી કરી શકાય છે, પરંતુ તેના પરિણામોને સમજવા, વ્યાપારી નિર્ણય લેવા અને નવી વ્યૂહરચના ઘડવા માટે અનુભવી માનવ મગજની જરૂર છે.આ સહઅસ્તિત્વનું સૂત્ર ભારત માટે ખાસ લાભદાયી છે, કારણ કે અહીં યુવા વસ્તી અનુકૂલનક્ષમતા અને ઝડપથી શીખતી છે. IT ક્ષેત્રની ટોચની કંપનીઓ પહેલાથી જ AI-સક્ષમ સાધનોનો ઉપયોગ કરીને નવા પ્રોડક્ટ્સ અને સર્વિસિસ વિકસાવી રહી છે. ઉદ્યોગો હવે યુનિવર્સિટીઓ સાથે મળીને કસ્ટમાઈઝ્ડ કોર્સિસ ડિઝાઈન કરે છે, જેથી વિદ્યાર્થીઓ સીધા ઉદ્યોગની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે. ભારતની આ ઈકોસિસ્ટમ તેને AI-આધારિત વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અગ્રણી બનાવી શકે છે.

માનવીય મૂલ્યોનું સ્થાન AI લઈ શકતું નથી આપણે એક હકીકત છે.AI ગમે તેટલું શક્તિશાળી બને, પરંતુ માનવીય સંવેદના, લાગણી, નૈતિકતા, સર્જનાત્મકતા, નેતૃત્વ અને આંતરવ્યક્તિત્વ સંબંધોના ક્ષેત્રે તે ક્યારેય સ્પર્ધા કરી શકતું નથી. ડૉક્ટર દર્દીને માત્ર રોગ નિદાન જ નહી, પરંતુ આશ્વાસન અને સહાનુભૂતિ પણ આપે છે. શિક્ષક વિદ્યાર્થીની ક્ષમતાઓને ઓળખીને તેને પ્રેરણા આપે છે. કલાકાર પોતાની કલ્પનાથી નવી દુનિયાનું સર્જન કરે છે. આ બધી ભૂમિકાઓમાં AI સહાયક બની શકે છે, પરંતુ મુખ્ય ભૂમિકા હંમેશા માનવની રહેશે. ભારત જેવા સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા દેશમાં માનવીય મૂલ્યોનું આ સ્થાન વધુ મજબૂત છે, કારણ કે અહીં સંબંધો અને સમુદાયની ભાવનાને સર્વોચ્ચ મહત્વ આપવામાં આવે છે.

આજના યુવાનોએ AI ને ડરવાને બદલે તેને એક એવી તક માનવી જોઈએ જે તેમને વધુ ઊંચાઈએ પહોંચવામાં મદદ કરશે. જેમ કેલ્ક્યુલેટરે ગણિતજ્ઞોને નષ્ટ ન કર્યા, પરંતુ તેમને વધુ જટિલ સમસ્યાઓ ઉકેલવામાં સક્ષમ બનાવ્યા, તેમ AI માનવ કાર્યક્ષમતાને વિસ્તારશે, તેને સંકોચશે નહી. ભારતના યુવાનો પાસે અપાર ઊર્જા, નવીનતાની ક્ષમતા અને ટેક્નોલોજી પ્રત્યેનો મોહ છે, જે તેમને AI યુગમાં સફળ થવા માટે સૌથી યોગ્ય બનાવે છે.

**ભારતની વૈશ્વિક AI દોડમાં સ્થિતિ જરા જુદી છે.**

ભારત આજે વૈશ્વિક AI ઈકોસિસ્ટમમાં ત્રીજા ક્રમે આવે છે, જે અમેરિકા અને ચીન પછીનો સૌથી મોટો AI ઈકોસિસ્ટમ ધરાવતો દેશ છે. અહીંના સ્ટાર્ટઅપ્સ હેલ્થકેર, એગ્રીકલ્ચર, એડટેક, ફિનટેક અને સ્માર્ટ સિટી જેવા ક્ષેત્રોમાં AI આધારિત ઉકેલો વિકસાવી રહ્યા છે. ભારતીય મૂળના વૈજ્ઞાનિકો અને ઈજનેરો સિલિકોન વેલીથી લઈને યુરોપ સુધી AI સંશોધનમાં અગ્રણી ભૂમિકા નિભાવી રહ્યા છે. આ કૌશલ્યનો સૌથી મોટો લાભ ભારતીય યુવા પેઢીને મળશે, કારણ કે વૈશ્વિક કંપનીઓ ભારતમાં તેમના AI સંશોધન અને વિકાસ કેન્દ્રો સ્થાપી રહી છે, જે ઉચ્ચ-ગુણવત્તાવાળી રોજગારી સર્જી રહી છે.

આ ઉપરાંત, 'Make in India' અને 'Digital India' જેવી પહેલો AI ઉત્પાદનો અને સેવાઓને સ્થાનિક બનાવવા માટે પ્રેરણા આપી રહી છે. ભારતીય છૈં સ્ટાર્ટઅપ્સ આજે વૈશ્વિક બજારમાં પોતાના સોલ્યુશન્સ નિકાસ કરી રહ્યા છે, જે દેશની યુવા શક્તિ અને ટેક્નોલોજીકલ આત્મનિર્ભરતાને દર્શાવે છે. ભારતનો યુવાન વર્ગ AI ને ફક્ત સાધન તરીકે નહીં, પરંતુ સમાજની સમસ્યાઓ ઉકેલવાના માધ્યમ તરીકે જોઈ રહ્યો છે, જે તેને અન્ય દેશોથી અલગ પાડે છે.

હવે સમય આવી ગયો છે જ્યારે દરેક યુવાને પોતાના કૌશલ્યમાં નિયમિત વધારો કરવો અનિવાર્ય બની ગયું છે. શાળા-કૉલેજના અભ્યાસ સાથે ઓનલાઈન લર્નિંગ, ઈન્ટર્નશિપ, પ્રોજેક્ટ વર્ક, હેકાથોન્સ અને ઉદ્યોગના નિષ્ણાતો સાથે સંવાદ એ યુવા પેઢીની દિનચર્યાનો ભાગ બનવો જોઈએ. સરકાર, શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગો અને વાલીઓએ સંયુક્ત રીતે આ માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરવાની જરૂર છે.

ભારતની પાસે વિશ્વની સૌથી યુવા કાર્યબળ છે, અને જો તે આ યુવાનોને AI અને અન્ય ઉભરતી ટેક્નોલોજીઓમાં તાલીમ આપે છે, તો આ દેશ માત્ર વૈશ્વિક નેતા જ નહીં, પરંતુ AI યુગનો 'નોલેજ હબ' બની શકે છે. ભારતે અત્યાર સુધી IT, ફાર્મા અને મેન્યુફેક્ચરિંગમાં પોતાની ઓળખ બનાવી છે, હવે AI ક્ષેત્રે તે જ ઓળખને વૈશ્વિક સ્તરે સ્થાપિત કરવાનો આ સુવર્ણ અવસર છે.

નિષ્કર્ષ રૂપે એટલું જ કહી શકાય કે તકોનો સાગર છે AI, જો આપણે તરવાનું શીખીએ તો!!!

કૃત્રિમ બુદ્ધિનો યુગ માત્ર શરૂ થયો છે. આવનારા દાયકાઓમાં તે દરેક ક્ષેત્રમાં પોતાની હાજરી વધુ ઊંડી કરશે. પરંતુ ભય કે ચિંતાને બદલે, આપણે આ પરિવર્તનને ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે આવકારવું જોઈએ. આ AI યુગમાં સૌથી વધુ લાભ તે યુવાનોને થશે, જેઓ સમયસર આ ટેક્નોલોજીને શીખશે, તેને સમજશે અને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની કળા પારખી શકશે. જે લોકો AI ને દુશ્મન માનશે, તે પછાત રહી જશે. પરંતુ જેઓ તેને સહયોગી તરીકે સ્વીકારશે, તેઓ માટે સફળતાની ઊંચાઈઓ અસીમ છે.

ભારતના યુવાનોની ઊર્જા, તેમની અનુકૂલનક્ષમતા, તેમની ટેક્નોલોજી પ્રત્યેની પ્રકૃત્તિ અને સતત શીખવાની લાલસા તેમને AI યુગનો સાચા અર્થમાં 'વિજેતા' બનાવી શકે છે. સરકાર, શિક્ષણ સંસ્થાઓ અને ઉદ્યોગોએ મળીને આ યુવા શક્તિને માત્ર રોજગારી માટે નહી, પરંતુ નવા વ્યવસાયો, નવા ઉદ્યોગો અને નવી સંસ્કૃતિ સર્જવા માટે પ્રેરણા આપવી જોઈએ. AI એક સાધન છે, તે ભવિષ્ય નથી, ભવિષ્ય તે યુવાનો છે જેઓ તેનો ઉપયોગ કરીને વિશ્વને નવી દિશા આપશે. ભારતનું સુવર્ણ ભવિષ્ય ચોક્કસ છે, જો આપણે આ ડિજિટલ ક્રાંતિને યોગ્ય દિશામાં વાળવાનું જાણીએ.

# BCCI દ્વારા ભારતના શ્રીલંકા ટેસ્ટ પ્રવાસનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો

મુંબઈ,

શ્રીલંકા ક્રિકેટે ઓગસ્ટમાં બે એશિયન ટીમોને બે મેચની શ્રેણી માટે આમંત્રણ આપતાં, ટાપુ રાષ્ટ્રના ભારતના ટેસ્ટ પ્રવાસનો સમયપત્રક જાહેર કર્યો. ભારત બે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેસ્ટ માટે શ્રીલંકા જશે કારણ કે ગેલ અને કોલંબો સ્પર્ધાઓનું આયોજન કરવા માટે તૈયાર છે.

જાહેરાત મુજબ, ભારત અને શ્રીલંકા ૧૫ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન ગેલ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પ્રથમ ટેસ્ટ સાથે શ્રેણીની શરૂઆત કરશે, જ્યારે સિંહાલી સ્પોર્ટ્સ ક્લબ ૨૩ થી ૨૭ ઓગસ્ટ દરમિયાન કોલંબોમાં બીજી મેચનું આયોજન કરશે. મીડિયા અહેવાલોમાં અગાઉ આ પ્રવાસની તારીખો જાહેર કરવામાં આવી હતી, પરંતુ જીન્ઝ એ હવે તેની પુષ્ટિ કરી છે.

ભારત આ વર્ષે પ્રથમ ૩ઝ ટેસ્ટ રમશે ગયા વર્ષના અંતમાં દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે શ્રેણી રમ્યા બાદ આ શ્રેણી આ વર્ષે ૩ઝ માં ભારતનું પ્રથમ ટેસ્ટ સોંપણી હશે, જેમાં તેઓ ૨-૦થી હારી ગયા હતા. ભારતીય ટીમે જૂનમાં એકમાત્ર ટેસ્ટમાં અફઘાનિસ્તાનને હરાવ્યું હતું, પરંતુ તે મેચ ૩ઝ ચક્રનો ભાગ નહોતી કારણ કે અફઘાનિસ્તાન ટીમ નવ ૩ઝ ટીમોમાં નથી. દરમિયાન, આ શ્રેણી ૨૦૧૭ પછી ભારતનો પ્રથમ ટેસ્ટ પ્રવાસ પણ હશે, જ્યારે વિરાટ



કોહલીની આગેવાનીમાં તેઓએ યજમાન ટીમને ૨-૦ થી હરાવી હતી. તે પ્રવાસના મોટાભાગના ખેલાડીઓ કાં તો નિવૃત્તિ લઈ ચૂક્યા છે અથવા પસંદગી માટે વિચારણામાં નથી, જેમાં કુલદીપ યાદવ, અક્ષર પટેલ અને કેએલ રાહુલ અપવાદ છે.અગાઉ, અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે બંને ટીમો ભારતના પ્રવાસ દરમિયાન ત્રણ મેચની ટીર૦ૈં શ્રેણી પણ રમી શકે છે. જો કે, શ્રીલંકા ક્રિકેટ દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કોઈપણ ટીર૦ૈં નો કોઈ ઉલ્લેખ નથી, જે સંકેત આપે છે કે ૨૦ ઓવરની ફોર્મેટ શ્રેણી નહીં હોય.બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ પુષ્ટિ આપી હતી કે "ત્રણ મેચ માટે વિનંતી" કરવામાં આવી હતી અને કહ્યું હતું કે શેડ્યૂલ ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. જો કે, સ્પોર્ટસ્ટારના એક અહેવાલ મુજબ, બીસીસીઆઈએ જણાવ્યું છે કે ભરચક આંતરરાષ્ટ્રીય શેડ્યૂલને કારણે ટીર૦ૈં રમવું શક્ય નથી.

# અભિષેક શર્મા ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઓછા બોલમાં ૧૦૦ છગ્ગા ફટકારનાર બેટ્સમેન

## વેસ્ટ ઈન્ડીઝના વિસ્ફોટક બેટ્સમેન એવિન લુઈસનો રેકોર્ડ તોડ્યો

ચેસ્ટર-લે-સ્ટ્રીટ,

ઈંગ્લેન્ડ સામેની પહેલી ટી ૨૦માં, ભારતીય બેટ્સમેન અભિષેક શર્માએ પોતાની વિસ્ફોટક બેટિંગથી એક એવો રેકોર્ડ બનાવ્યો જે વિશ્વના ટોચના પાવર હિટર્સ પણ હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ભારતની નબળી શરૂઆત વચ્ચે, અભિષેકે આક્રમક બેટિંગથી ટીમની ઈનિંગ્સને સ્થિર કરી, પરંતુ પૂર્ણ સભ્ય દેશોમાં ટી ૨૦ ક્રિકેટમાં સૌથી ઓછા બોલમાં ૧૦૦ છગ્ગા ફટકારનાર બેટ્સમેન પણ બન્યો.ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે રમાયેલી મેચમાં, ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, પરંતુ શરૂઆતની ઓવરોમાં સંજુ સેમસન અને ઈશાન કિશનની હારથી



ટીમ દબાણમાં આવી ગઈ. આવા મુશ્કેલ સમયમાં, અભિષેક શર્માએ જવાબદારી સંભાળી અને ઈંગ્લેન્ડના બોલરો સામે વળતો હુમલો કર્યો. તેણે સ્પિનર લિયામ ડોસન પર શાનદાર છગ્ગો ફટકાર્યો અને ત્યારબાદ સાકિબ મહમૂદ પર સતત બે છગ્ગા મારીને તેની ટી ૨૦ કારકિર્દીમાં ૧૦૦ છગ્ગા ફટકાર્યા. અભિષેકે આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે ફક્ત ૭૮૫ બોલનો સામનો કર્યો, જે પૂર્ણ સભ્ય રાષ્ટ્રના બેટ્સમેન દ્વારા ૧૦૦ છગ્ગા ફટકારવાનો સૌથી ઝડપી રેકોર્ડ બન્યો.

# વૈભવ સૂર્યવંશીને ઈંગ્લેન્ડ સામે રમવાની તક આપવા રવિ શાસ્ત્રીની ટીમ મેનેજમેન્ટને સલાહ

મુંબઈ,

ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ૨૦ શ્રેણીમાં ભારતીય ટીમની શરૂઆત અપેક્ષા મુજબ નહોતી, ચેસ્ટર-લે-સ્ટ્રીટ સ્ટેડિયમ ખાતે રમાયેલી પહેલી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયાને પહેલા બેટિંગ કરવાની તક આપવામાં આવી હતી અને ટોસ જીત્યા બાદ ૨૦ ઓવરમાં ૧૮૯ રન બનાવ્યા હતા. ચાહકો ખાસ કરીને પ્રથમ ટી ૨૦માં ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા, તેઓ વિચારી રહ્યા હતા કે શું ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને તક મળશે, પરંતુ તેણે તેના આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ માટે રાહ



જોવી પડશે. ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ભારતીય ટીમ મેનેજમેન્ટને સલાહ આપી છે કે વૈભવ સૂર્યવંશીને શક્ય તેટલી વહેલી તકે રમાડે, કારણ કે તેની પાસે એક્સ-ફેક્ટર છે.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની શ્રેણી માટે કોમેન્ટ્રી પેનલનો ભાગ રહેલા રવિ શાસ્ત્રીએ ચેસ્ટર-લે-સ્ટ્રીટ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ટી ૨૦માં ટોસ પછી સોની સ્પોર્ટ્સ નેટવર્ક પર વૈભવ સૂર્યવંશીની આસપાસની ચર્ચા દરમિયાન એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. વૈભવ સૂર્યવંશીને તક આપવા અંગેના પ્રશ્નના જવાબમાં રવિ શાસ્ત્રીએ કહ્યું કે તેને રમવું જોઈતું હતું, તેને આયર્લેન્ડમાં રમાડવો જોઈતો હતો કારણ કે ત્યાંની વિકેટો ખૂબ ધીમી અને સ્પોન્જી છે અને મેદાન નાનું છે, તેથી તે ત્યાં સરળતાથી મોટા છગ્ગા મારી શકતો હતો. મને ખબર નથી કે તેને અહીં તક મળશે કે નહીં, પરંતુ શક્ય તેટલી વહેલી તકે તેને રમાડવો. વૈભવે બધાને હરાવ્યા છે.આઈપીએલમાં તેણે કયો ફાસ્ટ બોલર છોડી દીધો છે? તમે તેને બેન્ચ પર રાખી રહ્યા છો.ટીમ ઈન્ડિયા સામે રમનાર શાર્દુલ ઠાકુરે જ્યારે રવિ શાસ્ત્રીને વૈભવને તક આપવા વિશે પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે તેને તક આપવી જોઈએ કારણ કે તે તમારો એક્સ-ફેક્ટર છે.

# ક્વિન્ટન ડી કોક બાદ હવે જોસ બટલર ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦૦ વિકેટ લેનાર વિકેટકીપર

ચેસ્ટર-લે-સ્ટ્રીટ,


ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ મેચની ટી ૨૦ શ્રેણીની પહેલી મેચની મજા વરસાદે બગાડી દીધી હતી. ડરહામ કાઉન્ટીના ચેસ્ટર-લે-સ્ટ્રીટ સ્ટેડિયમ ખાતે રમાયેલી શ્રેણીની પહેલી મેચ ટીમ ઈન્ડિયાની ઈનિંગ સમાપ્ત થયા પછી ફરી શરૂ થઈ શકી ન હતી. આ મેચમાં, ઈંગ્લેન્ડના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે એક મોટો સિમાચિહ્ન હાંસલ કર્યો, જે ક્વિન્ટન ડી કોક પછી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૧૦૦ આઉટ કરનાર બીજો વિકેટકીપર બન્યો. બટલરે પ્રથમ ટી ૨૦માં હર્ષિત રાણાને સ્ટમ્પ આઉટ કરીને



આ સિદ્ધિ મેળવી.ટીમ ઈન્ડિયાના કેપ્ટન શ્રેયસ ઐયરે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટી ૨૦ માં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતે ૧૮.૩ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૭૪ રન બનાવ્યા હતા. હર્ષિત રાણા મોટો શોટ મારવાનો પ્રયાસ કરતી વખતે ઈંગ્લેન્ડના લેગ-સ્પિનર આદિલ રશીદે ફેંકેલી આગામી બોલ સંપૂર્ણપણે ચૂકી ગયો. રાણા શોટ રમવા માટે આગળ વધ્યો પરંતુ રાશિદની ગુગલી સમજવામાં નિષ્ફળ ગયો, જેને બટલરે કેચ કરીને સ્ટમ્પ કરી દીધો. આ સાથે, જોસ બટલર દ્વારા હર્ષિત રાણાને સ્ટમ્પ આઉટ કરવું એ એક મોટી સિદ્ધિ બની, જે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં તેનો ૧૦૦મો આઉટ હતો.

ઈંગ્લેન્ડ સામેની પહેલી ટી૨૦ મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હોવા છતાં, ભારતીય ટીમે સંપૂર્ણ ૨૦ ઓવર બેટિંગ કરી હતી, અને તે મેચમાં, ઓપનર અભિષેક શર્મા અને કેપ્ટન શ્રેયસ ઐયરે અડધી સદી ફટકારવામાં સફળ રહ્યા હતા. આ મેચમાં, મોટાભાગની નજર સંજુ સેમસન પર હતી, જેણે આયર્લેન્ડ સામેની શ્રેણીમાં સારું પ્રદર્શન કર્યું ન હતું.

# ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નમાં લગાનનું પ્રીમિયર : આમિર ખાન સ્ક્રીનિંગમાં હાજરી આપશે



મેલબોર્ન,

સુપરસ્ટાર આમિર ખાન મેલબોર્નના ૧૭મા ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલની આવૃત્તિમાં હાજરી આપશે. તેઓ તેમની પ્રખ્યાત ફિલ્મ 'લગાન'ના ખાસ સ્ક્રીનિંગમાં હાજરી આપશે, આયોજકોએ જાહેરાત કરી. ભારતની બહાર ભારતીય સિનેમાનો સૌથી મોટો ઉત્સવ માનવામાં આવતો આ મહોત્સવ ૧૩ થી ૨૩ ઓગસ્ટ સુધી મેલબોર્નમાં યોજાશે.૯ જુલાઈના રોજ ફેસ્ટિવલનો ઉદ્ઘાટન કાર્યક્રમ "લગાન" ની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી કરશે. આશુતોષ ગોવારિકર દ્વારા દિગ્દર્શિત, આ સમયગાળાની સ્પોર્ટ્સ ડ્રામા ભારતીય સિનેમાની સૌથી પ્રખ્યાત ફિલ્મોમાંની એક છે અને તેને શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ માટે એકેડેમી એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવી હતી.અહેવાલો અનુસાર, આમિર મેલબોર્નના એસીએમઆઈ સિનેમામાં એક ખાસ સ્ક્રીનિંગમાં હાજરી આપશે અને આ વર્ષના મહોત્સવની સત્તાવાર શરૂઆત કરશે. મહોત્સવના નિર્દેશક મીતુ ભૌમિક લેંગે જણાવ્યું હતું કે "લગાન" ના ૨૫ વર્ષની ઉજવણી એ મહોત્સવની શરૂઆત કરવાનો એક યોગ્ય માર્ગ છે.ફેસ્ટિવલના નિર્દેશકે કહ્યું કે મેલબોર્નના ભારતીય ફિલ્મ મહોત્સવ હંમેશા એવી વાર્તાઓની ઉજવણી કરે છે જેની પ્રેક્ષકો પર ઊંડી અસર પડી છે.

# ઉર્ફી જાવેદે કામાખ્યા મંદિરની મુલાકાતના ફોટા શેર કર્યા, ધર્મ બદલ્યો ન હોવાની કરી સ્પષ્ટતા

ગુવાહાટી,

ગુવાહાટીના પ્રખ્યાત કામાખ્યા મંદિરની મુલાકાતના ફોટા શેર કર્યા પછી, ઉર્ફી જાવેદ ફરી એકવાર સમાચારમાં છે, જ્યારે તેણીએ હિન્દુ ધર્મ અપનાવ્યો હોવાની અફવાઓ બંધ કર્યાના થોડા દિવસો પછી. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર શ્રેણીબદ્ધ ફોટા પોસ્ટ કર્યા, જેમાં ચાહકોને તેણીના મંદિરની મુલાકાતની ઝલક મળી.

યાત્રા માટે, ઉર્ફીએ ચૂનાનો લીલો કુર્તો પહેર્યો હતો, જેમાં તેના માથા પર ગુલાબી દુપટ્ટો લપેટાયેલો હતો અને લાલ રંગનો ઔપચારિક સ્ટોલ હતો. મંદિરની સામે પોઝ આપતી વખતે તેણી લાલ તિલક પણ પહેરેલી જોવા મળી હતી.



તેણીના કેપ્શનને સંક્ષિપ્ત રાખતા, તેણીએ લખ્યું, "ગુવાહાટીમાં કામાખ્યા દેવી મંદિરની મુલાકાત લીધી." તેણીએ કેપ્શનમાં અન્ય કોઈ વિગતો કે સમજૂતી આપી ન હતી.

તેણીની મુલાકાત સોશિયલ મીડિયા પર એવી અફવાઓ છવાઈ ગયાના થોડા સમય પછી આવી છે કે તેણીએ હિન્દુ ધર્મ અપનાવ્યો છે અને તેનું નામ બદલીને રીટા ભારદ્વાજ રાખ્યું છે. એક પત્રકારે ઉર્ફીની ફેશન પસંદગીઓ અને જાહેર છબી પર ટિપ્પણી કરતી વખતે આ દાવા કરતો વિડિઓ શેર કર્યા પછી અટકળો શરૂ થઈ.

ઉર્ફીએ જવાબ આપવામાં કોઈ સમય બગાડ્યો નહીં. તેણીએ તેણીના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર જઈને અફવાઓને ફગાવી દીધી અને સ્પષ્ટ કર્યું કે તેણીએ ન તો પોતાનો ધર્મ બદલ્યો છે કે ન તો તેનું નામ. તેણીએ એ પણ પુનરોચ્ચાર કર્યો કે તે કોઈ ધર્મમાં માનતી નથી.વિડિઓનો જવાબ આપતા, ઉર્ફીએ લખ્યું, "કૈસે કૈસે છોમુ લોગ અપને આપ કો પત્રકાર બોલતે હૈ! આંટી પ્લીઝ થોડું હોમવર્ક કર લિજીયે, મેં ક્યારેય મારું નામ કે ધર્મ પણ બદલ્યો નથી. હું કોઈ ધર્મમાં માનતી નથી. (આવા મૂર્ખ લોકો પોતાને પત્રકાર કહે છે. આંટી, કૃપા કરીને તમારું હોમવર્ક કરો) (જૈષ)."તેણીએ વધુમાં ઉમેર્યું, "હું ફક્ત મારા કપડાંથી નંગી નથી, હું મારા શબ્દોથી પણ નંગી છું, પણ આજ મૂડ નહીં હૈ. એક બાર ગુગલ કરો મારા નામથી કેટલા શો છે, મુઝે આપકા ગાંડા મેક અપ દેખ કે શરમ આ ગઈ કે આપકી પત્રકારત્વ પે. બુરાઈ કરની હૈ કરો બિંદાસ, પણ નકલી સમાચાર ફેલાવો નહીં કારણ કે હું તમારી સાથે આવું કરી શકતી નથી કારણ કે કોઈને પરવા નથી. આંટીજી. (હું ફક્ત મારા કપડાંથી જ નહીં, પણ મારા શબ્દોથી પણ નગ્ન છું. પણ આજે હું તેના મૂડમાં નથી. એકવાર ગૂગલ કરીને જુઓ કે મેં કેટલા શો કર્યા છે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બં | ણ | બૂ | ર | બા | કા | ઇ | બં | અં | ર | સ | ચા |
| શિ | ક્ષ | ક | અ | કા | ણે | વિ | જ્ઞા | ન | ણ | શિ | અ |
| ર | ણ | કા | કા | રા | મા | ખ | ચી | ર | કા | ર | હા |
| ર | ક | લા | કી | ગ | લી | ધ | દ | દ | ર | ર | અ: |
| સા | લ | સ | મો | ભો | તી | પ્ર | અં | લ | બં | લી | ગ |
| પ્રા | શિ | જ્ઞા | પ્ર | ત | લી | બા | મા | ધ | વ | રા | ર |
| સા | સ | ર | ણ | અ | ર | દ | ઊ | ડી | ધ | ર | ર |
| ઉ | ધ | શિ | દ | સા | સ | ર | વા | ળો | ઇ | ર | ર |
| સા | ન | ક્ષ | ખ | સ | ણિ | ર | બિ | વિ | ળ | બં | ર |
| ધ | પ્રા | ણ | સ | મા | આ | લ | સ | ચા | ર | ભો | આ |
| ન | કુ | શિ | ર | ઔ | ક | બં | મા | ર | ર | ત | કા |
| જ | મ | આ | બા | ભો | સ | ગં | બિ | ણા | વા | કા | ક |

શબ્દ શોધો

**મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# ગ્રામ ચિકિત્સાલય-૨ શોની ઓટીટી પર ધમાલ : ૩.૫ મિલિયન વ્યૂઝ સાથે ટોચના ૧૦ માં સ્થાન મેળવ્યું



મુંબઈ,

ગ્રામ ચિકિત્સાલે સીઝન ૨ ની પ્રથમ સીઝનની જબરદસ્ત સફળતા પછી, આ ગ્રામીણ નાટક હવે તેની નવી સીઝન સાથે પ્રાઈમ વિડીયો પર પ્રભુત્વ ધરાવે છે, જે ૨૩ જૂને વૈશ્વિક સ્તરે રિલીઝ થઈ હતી. હવે, તેની ઉત્તમ વાર્તા ફરી એકવાર હેડલાઈન્સ બનાવી છે. દરેક એપિસોડ દર્શકોના દિલ જીતી રહ્યો છે. આ શો પહેલાથી જ ૩.૫ મિલિયનથી વધુ વ્યૂઝ સાથે ભારતની ટોચની ૧૦ સૌથી વધુ જોવાયેલી ઓરિજિનલ હિન્દી શ્રેણીમાં સ્થાન મેળવી ચૂક્યો છે. પ્રથમ સીઝનની સફળ શરૂઆત પછી, ગ્રામ ચિકિત્સાલય ૨ હવે તેની વાર્તા અને કલાકારો માટે હેડલાઈન્સમાં છે. નિર્માતાઓએ તેમના સોશિયલ મીડિયા પર શ્રેણી સંબંધિત ખાસ અપડેટ્સ પણ શેર કર્યા છે.સોશિયલ મીડિયા પર આ સફળતા શેર કરતા, નિર્માતાઓએ ગ્રામ ચિકિત્સાલય સીઝન ૨ ને ભારતની ટોચની ૧૦ સૌથી વધુ જોવાયેલી ઓટીટી શ્રેણીમાં સામેલ કરવાની ઉજવણી કરી. તેઓએ શ્રેણીને ૩.૫ મિલિયનથી વધુ વ્યૂઝ મળવા બદલ ખુશી વ્યક્ત કરી. તેઓએ પોસ્ટને કેપ્શન આપ્યું, "ભટકંડીની ગ્રામ ચિકિત્સાલય દેશ પર કબજો કરી રહી છે!

ટીવીએફ દ્વારા નિર્મિત અને રાહુલ પાંડે દ્વારા દિગ્દર્શિત, ગ્રામ ચિકિત્સલાયા તેની હૃદયસ્પર્શી વાર્તા કહેવાની, ગ્રામીણ પૃષ્ઠભૂમિને સ્પર્શતી અને તેના કલાકારોના શક્તિશાળી અભિનય માટે લોકપ્રિય રહ્યું છે.

# સામન્થાની મા ઈન્તી બંગારામ સૌથી વધુ કમાણી કરનારી મહિલા-પ્રધાન તેલુગુ ફિલ્મ

હૈદરાબાદ,

નંદિની રેડ્ડીની ફિલ્મ 'મા ઈન્તી બંગારામ' રિલીઝ થયા પછી જ જબરદસ્ત ચર્ચામાં છે. સામન્થા રૂથ પ્રભુના અભિનયથી દર્શકોના દિલ જીતી લીધા. અગાઉ, અનુષ્કા શેટ્ટીની ૨૦૦૯ ની મહિલા-નિર્દેશિત ફિલ્મ "અરુંધતી" તેલુગુ સિનેમા માટે એક માપદંડ હતી. એક સમયે જ્યારે ફિલ્મોમાં હીરોનું વર્ચસ્વ હતું, ત્યારે આ અભિનેત્રીઓએ સાબિત કર્યું કે પ્રતિભા અને સખત મહેનત સફળતાની ચાવી છે. દક્ષિણ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ અસંખ્ય મોટી ફિલ્મો અને ભૂમિકાઓ દ્વારા પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. હવે, "મા ઈન્તી બંગારામ" એ એક નવો રેકોર્ડ બનાવ્યો છે.૧૯



જૂનના રોજ રિલીઝ થયા પછી, "મા ઈન્તી બંગારામ" એ વિશ્વભરમાં ૮૩ કરોડ અને ભારતમાં ?૫૦ કરોડથી વધુની કમાણી કરી છે. આ તેલુગુ સિનેમાના ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનારી મહિલા-નિર્દેશિત ફિલ્મ બનાવે છે. "મા ઈન્તી બંગારામ" પહેલાં, કોડી રામકૃષ્ણની "અરુંધતી", જેમાં અનુષ્કા શેટ્ટી અને સોનુ સૂદ અભિનીત હતા, આ રેકોર્ડ ધરાવે છે. તે સમયે, ફિલ્મે વિશ્વભરમાં ૭૦ કરોડથી વધુની કમાણી કરી હતી. હવે, આ રેકોર્ડ "મા ઈન્તી બંગારામ" નો છે. સામંથાના પ્રોડક્શન હાઉસ, "ત્રાલાલા મુવિંગ પિક્ચર્સ" એ પણ આ સમાચારની પુષ્ટિ કરતા લખ્યું, "બંગરમે સુવર્ણ અક્ષરોમાં ઈતિહાસ રચ્યો છે.

# એનએસયુઆઇ દ્વારા કુલપતિના ઇમાનનું બેસણું!






તસવીર : ધવલ વાજા

ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં બનેલી રેગિંગની ઘટનામાં પોલીસ ફરિયાદ બાદ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ અને કોલેજની એન્ટી રેગિંગ કમિટી દ્વારા આરોપીઓને સસ્પેન્ડ કરવા સહિતની સજા ફટકાર્યા બાદ ભાવનગર યુનિવર્સીટીના કુલપતિ દ્વારા રેગિંગના આરોપીઓની સજા માફ કરી દેવાતા વિદ્યાર્થી સંગઠનો એબીવીપી તથા એનએસયુઆઈ દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો અને કુલપતિ સમક્ષ સજા માફી પરત ખેંચવા ઉગ્ર રજુઆત કરી હતી. અને કુલપતિની ઈમાનદારી ઉપર પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા અને સજા માફનો નિર્ણય પરત નહિ ખેંચાય તો ઉગ્ર આંદોલન કરવાની વિદ્યાર્થી સંગઠનોએ ચીમકી આપ્યા બાદ આજે યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા કુલપતિને રાજ્યભરમાં યુનિવર્સીટીમાં રેગિંગના આરોપીની સજા માફ કરવાનો કોઈ નિયમ નથી તેવી ઉગ્ર રજુ આત કર્યા બાદ યુનિવર્સીટી કાર્યાલય ખાતે કુલપતિના ઈમાનનું બેસણું કરવામાં આવ્યું હતું અને કુલપતિના ફોટા પર ફુલહાર પહેરાવી વિદ્યાર્થી આગેવાનોએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# ડીઆરએમ દ્વારા ભાવનગર-ધોળા અને ખિજડિયા-ધોળા રેલખંડનું વ્યાપક નિરીક્ષણ

## ભાવનગર મંડળ રેલ પ્રબંધક દ્વારા મુસાફર સુવિધાઓની સમીક્ષાઃ અમરેલીમાં મંત્રી અને સાંસદ સાથે રેલ વિકાસ અંગે બેઠક યોજાઈ

ભાવનગર,તા.૩

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ ભાવનગર-ધોળા, ખિજડિયા-ધોળા રેલખંડ તેમજ ધોળા અને અમરેલી સ્ટેશનનું વ્યાપક સંરક્ષા નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે મુસાફરોની સુવિધાઓ, સ્ટેશન વિકાસ, રેલ સંરક્ષા, સ્વચ્છતા અને પ્રગતિ હેઠળની માળખાકીય યોજનાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, પ્લેટફોર્મ સુધારણા અને પીવાના પાણી જેવી વ્યવસ્થાઓ ચકાસીને કામગીરી સમયસર પૂર્ણ કરવા સૂચના અપાઈ છે.

નિરીક્ષણ બાદ અમરેલી ખાતે ગુજરાત સરકારના મંત્રી કૌશિકભાઈ કાંતિભાઈ વેકરિયા તથા સાંસદ ભરતભાઈ સુતરિયા સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં સ્થાનિક રેલ સુવિધાઓના વિસ્તરણ અને જનપ્રતિનિધિઓની માંગણીઓ અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.



મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે મુસાફરોને સુરક્ષિત અને ગુણવત્તાસભર સેવાઓ આપવી એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે તમામ સ્ટાફને ટીમ ભાવના અને જવાબદારીપૂર્વક કામ કરીને ભાવનગર મંડળને શ્રેષ્ઠ બનાવવા આહ્વાન કર્યું હતું. આ તકે મંડળના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરતાનપર પ્રાથમિક શાળા ખાતે જિલ્લાની પ્રથમ પ્રાકૃતિક કૃષિ ક્લબનો થયો પ્રારંભ

## રાજ્યપાલ અને કેન્દ્રીય રાજ્ય મંત્રીના હસ્તે ઓઝારોનું વિતરણ કરાયું



ભાવનગર,તા.૩

નવી પેઢીમાં કૃષિ સંસ્કૃતિ અને પર્યાવરણ પ્રત્યે સજાગતા કેળવવાના હેતુથી ભાવનગર જિલ્લાની પ્રથમ પ્રાકૃતિક કૃષિ ક્લબનો શુભારંભ કરાયો છે. સરતાનપર પ્રાથમિક શાળા ખાતે આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સૌજન્યથી શરૂ થયેલા આ કેન્દ્રનું ઉદ્ઘાટન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલએ જણાવ્યું કે, બાળકો ભવિષ્યના ભારતને તંદુરસ્ત બનાવવા બાળપણથી જ ઝેરમુક્ત ખેતીનું મહત્વ સમજે તે જરૂરી છે. શાળાના કિચન ગાર્ડન દ્વારા વિદ્યાર્થીઓ ગાય આધારિત ખેતી, જીવામૃત અને ઘનજીવામૃત બનાવવાનું પ્રાયોગિક જ્ઞાન મેળવશે. આ પ્રસંગે બાળકોમાં શ્રમનો મહિમા વધે તે માટે મહાનુભાવો દ્વારા ખેતીના વિવિધ ઓઝારોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# તળાજાના બોરડા નજીક બેકાબૂ બોલેરો કાર ત્રણ વખત ગોથા ખાઈ જૈન દેરાસરના પટમાં ખાબકી

## કારમાં સવાર ૪ પૈકી ૩ વ્યક્તિઓને ગંભીર ઈજા, દાઠા પોલીસે હાથ ધરી કાર્યવાહી







તસવીર : મથુર ચૌહાણ

તળાજા,તા.૩

તળાજા તાલુકાના બોરડા નજીક આવેલા જૈન દેરાસર પાસે એક અકસ્માત સર્જાયો હતો.જેમાં મહુવા તરફથી ભાવનગર જઈ રહેલી એક બોલેરો કારના ચાલકે અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ત્રણ વખત પલ્ટી ખાઈ ગઈ હતી. આ બેકાબૂ કાર જૈન દેરાસરની તારની ફેન્સિંગ તોડીને સીધી જ દેરાસરના પટમાં ખાબકતા ભારે નુકસાન થયું હતું.

આ અકસ્માત સર્જાતા જ દેરાસરના સેવક રોહિતભાઈ, ત્યાંથી પસાર થતા લોગંડી ગામના ગૌરક્ષક દિલીપભાઈ ચૌહાણ તેમજ અન્ય સ્થાનિક સેવાભાવી લોકોએ તુરંત દોડી જઈ ભારે જહેમત ઉઠાવી કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. કારમાં કુલ ૪ લોકો સવાર હતા, જેમાંથી ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને એકની હાલત વધુ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે તળાજા હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

અકસ્માતની જાણ થતાં દાઠા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઇ. કે.સી. રેવર તેમના સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ઈજાગ્રસ્તોમાં મુકેશભાઈ તુલસીભાઈ ચૌહાણ (રહે. ત્રાંબલ), અજયભાઈ મકવાણા (રહે. ભાવનગર) અને ચેતનભાઈ સરવૈયા (રહે. રામપર)નો સમાવેશ થાય છે. હાલ પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.



## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

### વિવિધ એન્જીનિયરીંગ કામ

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૯૫-૨૦૨૬-૨૭ | ગ્રુપ કામ :- **૧.** કાનાલૂસ-પોરબંદર સેક્શન – કિ.મી. ૯૧૨/૯-૯૧૩/૦ ખાતે C ક્લાસ નૉન ઈન્ટરલોક્ડ LC નં. ૪૫ ને બદલે RUB નું બાંધકામ. **૨.** કાનાલૂસ-પોરબંદર સેક્શન – કિ.મી. ૮૮૨/૧૦-૮૮૩/૦ ખાતે C ક્લાસ નૉન ઈન્ટરલોક્ડ LC નં. ૨૬ ને બદલે RUB નું બાંધકામ. **૩.** કાનાલૂસ-પોરબંદર સેક્શન – કિ.મી. ૯૪૭/૫-૬ ખાતે C ક્લાસ નૉન ઈન્ટરલોક્ડ LC નં. ૭૦ ને બદલે RUB નું બાંધકામ. **૪.** જેતલસર-વાંસજાળીયા સેક્શન – કિ.મી. ૧૬૭/૪-૫ ખાતે C ક્લાસ ટ્રાફિક ઈન્ટરલોક્ડ LC નં. ૭૯ ને બદલે RUB નું બાંધકામ. **૫.** જેતલસર-વાંસજાળીયા સેક્શન – કિ.મી. ૧૫૦/૧-૨ ખાતે C ક્લાસ નૉન-ઈન્ટરલોક્ડ LC નં. ૭૦ ને બદલે RUB નું બાંધકામ. **૬.** જેતલસર-વાંસજાળીયા સેક્શન – કિ.મી. ૧૮૯/૬-૭ ખાતે C ક્લાસ એન્જિ. ઈન્ટરલોક્ડ LC નં. ૯૬ ને બદલે RUB નું બાંધકામ. **૭.** રાજકોટ-સોમનાથ સેક્શન : કિ.મી. ૭૯/૨-૩ ખાતે માનવસહિત એન્જિ. ઈન્ટરલોક્ડ LC નં. ૬૪ C ને બદલે RUB નું બાંધકામ. **૮.** જેતલસર-વાંસજાળીયા સેક્શન – કિ.મી. ૧૭૧/૪-૫ ખાતે C ક્લાસ નૉન-ઈન્ટરલોક્ડ LC નં. ૮૪ ને બદલે RUB નું બાંધકામ. **૯.** રાજકોટ-સોમનાથ સેક્શન : કિ.મી. ૯૩/૩-૪ ખાતે માનવસહિત LC નં. ૭૪ C ટ્રાફિક ને બદલે RUB નું બાંધકામ. **૧૦.** કાનાલૂસ-પોરબંદર સેક્શન : LC નં. ૬ અને ૩૦ ખાતે રોડ અન્ડર બ્રિજીસ (ટ્વીન બોક્સ)ની જોગવાઈ કરવા દ્વારા લેવલ ક્રોસિંગ્સના ૨ નંગની નાબૂદી. **૧૧.** કાનાલૂસ-પોરબંદર સેક્શન :- LC નં. ૩, ૧૦, ૧૩, ૧૫ અને ૨૯ ખાતે (અદ્યતન માર્ગદર્શિકા મુજબ ૪ વર્ષો સુધીના જાળવણી સમયગાળા સહિત) રોડ અન્ડર બ્રિજીસ (RUBs) ની જોગવાઈ કરવા દ્વારા લેવલ ક્રોસિંગ્સના ૫ નંગની નાબૂદી. | ૧૪૧,૦૪,૩૭,૦૯૫.૮૬ | ૨,૮૨,૦૮,૯૦૦ |
| ૦૨ | ૯૬-૨૦૨૬-૨૭ | ભાવનગર ડિવિઝન :- DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ RCC બોક્સની જોગવાઈ કરવા દ્વારા કમાન પુલો (૮ નંગ) નું (અદ્યતન માર્ગદર્શિકા મુજબ ૪ વર્ષો સુધીના જાળવણી સમયગાળા સહિત) પુનઃબાંધકામ. | ૧૨,૯૯,૯૨,૮૫૫.૭૯ | ૨૫,૯૯,૯૦૦.૦૦ |
| ૦૩ | ૯૮-૨૦૨૬-૨૭ | ભાવનગર ડિવિઝન :- વિવિધ લેવલ ક્રોસિંગ્સ ખાતે પ્રસ્તાવિત RUBs માટે સુરક્ષિત બેરીંગ ક્ષમતા આકારણી માટે એક્સપ્લોરેટરી ડ્રિલિંગ અને લેબોરેટરી/ફિલ્ડ ટેસ્ટીંગ કરવાનું કામ. | ૫૯,૭૦,૯૯૪.૪૦ | ૧,૧૯,૪૦૦.૦૦ |
| ૦૪ | ૯૯-૨૦૨૬-૨૭ | રાજુલા જં. – પીપાવાવ સેક્શન :- થ્રુ સ્લીપર રિન્યુઅલ (TSR) – કિ.મી. ૧૩/૦ થી ૨૨/૦ (કુલ-૦૯ Tkm). | ૩,૧૩,૪૩,૬૭૩.૭૧ | ૬,૨૬,૯૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૦૮-૦૭-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખઃ** ૨૨-૦૭-૨૦૨૬ **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in

BVP-073

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



# સિહોરના વળાવડ ગામે હિટ એન્ડ રનઃ રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધાનું કારની અડફેટે મોત

ભાવનગર,તા.૩

સિહોર તાલુકાના વળાવડ ગામના બસ સ્ટેશન પાસે રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધાને એક કારે અડફેટે લેતા તેમનું કરુણ મોત નિપજ્યું છે. અકસ્માત સર્જીને કાર ચાલક ફરાર થઈ ગયો છે. બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, પાલિતાણાના નવા લોઈચડા ગામે રહેતા સમજુબેન વળાવડ ગામે પોતાના સંબંધીને ત્યાં જઈ રહ્યા હતા. ત્યારે જીજે-૩૩-કે-૩૪૩ નંબરની કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી, જેથી તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. કાર ચાલક અકસ્માત સર્જીને વાહન મૂકી નાસી છૂટ્યો હતો.ગંભીર રીતે ઘવાયેલા સમજુબેનને પ્રથમ સિહોર અને બાદમાં ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતક વૃદ્ધાના પૌત્ર વંદનભાઈ સોલંકીએ સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## બોટાદ નગરપાલિકા
## જાહેર નિવિદા
## રી-ટેન્ડર

આથી કોન્ટ્રાકટરો/એજન્સીઓ/વેપારીભાઈઓને જાણ કરવામાં આવે છે કે, બોટાદ નગરપાલિકાને નીચેના કામો કરાવવા માટે તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ સાંજના ૦૬:૧૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ફક્ત રજી એ.ડી.દ્વારા નગરપાલિકા કચેરી બોટાદને મળે તે રીતે ભાવ માંગવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ફાયર શાખામાં જરૂરી રબર હોઝ પાઈપ ૩૦ મીટર નંગ -૦૫(પાંચ) અને ૧૫ મીટર નંગ – ૧૦(દસ) ખરીદ કરવાની કામગીરી અંગેનું કામ. |

શરતોઃ (૧) તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ સાંજના ૦૬-૧૦ કલાક પછી કોઈપણ ભાવ સ્વીકારવામાં આવશે નહીં. (૨) ઓછા યા હર કોઈ ભાવ મંજુર કરવા કે કેમ? તેના હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે. (૩) પ્રૂફ પ્રેસર ૨૭.૯ kgf/cm2 અને બર્સ્ટ પ્રેસર ૪૨.૧ kgf/cm2 તેમજ Inner Diameter 63 mm તેમજ Dimensions as per IS:636 Type-B મુજબ હોવું જોઈએ. (૪) વિશેષ માહિતી માટે બોટાદ નગરપાલોકાનો સંપર્ક સાધવાનો રહેશે.

જાવક નં.૮૯૯ — તા.૦૧/૦૭/૨૦૨૬

